## નુતન અભિગમ કાર્ય સુગમ

વર્ષ : 2023-24

# શિક્ષણમાં નવાચાર

જી.સી.ઇ.આર.ટી. – ગાંધીનગર

પ્રેરિત

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગર

આયોજિત

જામનગર જિલ્લાનો નવમો

# એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ

તારીખ : 16/10/2023 થી 18/10/2023


સંકલન
જીજ્ઞેશ કાનાણી
ડી.આઇ.સી. કો-ઓર્ડિનેટર
ડાયેટ – જામનગર

માર્ગદર્શક
શ્રી એમ.ડી. બગડા
પ્રાચાર્ય
ડાયેટ – જામનગર


: સ્થળ :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

એફ.સી.આઇ. ગોડાઉન સામે, લાલપુર રોડ, દરેડ,

જિલ્લો : જામનગર

# પ્રસ્તાવના

શિક્ષણમાં નવાચાર એ આજના સમયની માંગ છે. કોઈ પણ દેશની પ્રગતિનો આધાર દેશની સંસ્કૃતિ, શિક્ષણ, આરોગ્ય, રહેણી કરણી, શિક્ષણમાં ટેક્નોલૉજી તેમજ ટેક્નોલૉજીનો ઉપયોગ વિવિધ સંશોધનો પર છે. સાંપ્રત સમયમાં સમાજના તમામ ક્ષેત્રોમાં નવતર પ્રયોગોનો ઉપયોગ થતો હોય છે. દરેક બાળક સ્વાભાવિક રીતે શીખવા માટે પ્રોત્સાહિત અને સક્ષમ હોય છે. બાળકો તેમની આસપાસના વાતાવરણમાંથી તથા લોકો સાથેના વ્યવહાર દ્વારા શીખે છે. પૂર્વ વિચારો સાથે વર્તમાન વિચારોનું જોડાણ કરીને તેઓ જ્ઞાનનું સર્જન કરે છે. સર્જનાત્મકતા, સંશોધનાત્મકતા, વિજ્ઞાન અને ટેકનોલોજીમાં નવીનતા તરફના વલણને પ્રોત્સાહિત કરવા માટે શિક્ષણ વિભાગ – ગુજરાત રાજ્ય અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ – ગાંધીનગર દ્વારા સતત પ્રેરણા અને પ્રોત્સાહન મળતા રહે છે.

જામનગર જિલ્લા કક્ષાના નવમા એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ – 2023-24નું આયોજન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગર દ્વારા કરવામાં આવેલ છે. જેમાં કુલ 20 નવતર પ્રયોગો પ્રદર્શિત કરવામાં આવેલ છે. આ એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલના માધ્યમથી શિક્ષકોને એક પ્લેટફોર્મ પૂરૂં પાડવાનો પ્રયાસ છેલ્લા ૯ વર્ષથી ડાયેટ –જામનગર દ્વારા કરવામાં આવી રહેલ છે. જેના દ્વારા શિક્ષકો પોતાના વિચારો અને સર્જનાત્મકતા સમાજ સમક્ષ મૂકી શકે છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગર ખાતે કાર્યરત ડિસ્ટ્રિક્ટ ઇનોવેશન સેલ દ્વારા શિક્ષકો દ્વારા થયેલ નવતર પ્રયોગોનું સંકલન કરી, પુસ્તિકા સ્વરૂપે આપના સમક્ષ રજૂ કરી રહ્યા છીએ. આશા છે કે, આ પુસ્તિકમાં રજૂ કરવામાં આવેલ નવતર પ્રવૃતિઓનો જરૂરિયાત મુજબ ઉપયોગ વર્ગખંડ શિક્ષણમાં અને શાળા કક્ષાએ થાય.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગર શાળા અને તાલુકા કક્ષાએ ઇનોવેટિવ કૃતિઓમાં નવીનતા લાવી એવા ઇનોવેટિવ સાધનો કે વિચારો આપી, શાળાના વર્ગખંડને સમાજ સાથે જોડીને શિક્ષણની પ્રગતિમાં સહયોગ આપેલ છે એવા ઇનોવેટિવ શિક્ષકોને અભિનંદન પાઠવે છે.

તારીખ :

એમ.ડી. બગડા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જામનગર

# અનુક્રમણિકા


| પ્રાથમિક વિભાગ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | નવતર પ્રયોગનું શીર્ષક | શિક્ષકનું નામ | શાળાનું નામ | પેઈજ નંબર |
| 1 | BRAIN BOOSTER GAMES | વડગામા ધર્મિષ્ઠાબેન કાંતિલાલ | શ્રી વિજરખી પ્રાથમિક શાળા | 1 |
| 2 | Learn with Fun | કરંગીયા ક્રિષ્નાબેન નારણભાઇ | વાવડી પ્રાથમિક શાળા | 3 |
| 3 | 3D QUILING ART | ડોબરીયા હિતેષ આર. | શ્રી મોટા વાગુદડ કુમાર શાળા | 5 |
| 4 | દીલ્હી દર્શન | ચોંચા પાલાભાઈ બાબુભાઇ | શ્રી આણંદપર કુમાર શાળા | 6 |
| 5 | Teaching and Educating | રસુલભાઈ જમાલભાઈ એરંડીયા | સી.આર.સી. નાના વડાળા | 9 |
| 6 | AI ટેકનોલોજી આધારિત શોર્ટ વિડિયો | રાજેશકુમાર જી બરોચીયા | જાંબુડી વાડી પ્રાથમિક શાળા | 11 |
| 7 | પ્રયોગો દ્વારા વિજ્ઞાન શિક્ષણ | ચનીયારા મનીષ અમૃતલાલ | શ્રી મેલાણ પ્રા. શાળા | 13 |
| 8 | S.S.Game zone | દિપ્તી દિપેશ નથવાણી | શ્રી કન્યા વિદ્યાલય 1, સિક્કા | 15 |
| 9 | મારો દિવસ, મારો મહિમા | ઝાલા રાજેન્દ્રસિંહ પ્રતાપસિંહ | શ્રી બાઘલા પ્રાથમિક શાળા | 17 |
| 10 | Science Toys | સાંગાણી રેશ્માબેન ગોકળભાઈ | શ્રી સમાણા તાલુકા શાળા | 19 |
| 11 | જિંદગીની જડીબુટ્ટી ઔષધ પ્રદર્શન | રાઠોડ કનૈયાભાઇ ટી | શ્રી વાંકીયા પ્રાથમિક શાળા | 21 |
| 12 | “જ્ઞાન પાટીયું” મારુ વહાલું પાટીયું | જીયાણી આશાબેન કનુભાઇ | શ્રી સેતાલુસ પ્રાથમિક શાળા | 23 |
| 13 | હું તો પ્રયોગ કરીશ જ 2.0 | ધારવિયા દિપક લાલજીભાઈ | શ્રી ખીજડીયા પ્રાથમિક શાળા | 25 |
| 14 | ગણિત વાટિકા | ધમસાણિયા રમેશચંદ્ર એસ. | શ્રી નેસડા પ્રાથમિક શાળા | 27 |
| | | ધમસાણિયા ચંપકકુમાર ઓ. | શ્રી હડિયાણા કન્યા શાળા | |
| 15 | Language Corner 2.0 | બારૈયા દેવાંગીબેન એમ. | શ્રી હડિયાણા કન્યા શાળા | 29 |
| 16 | Magic Square | ભંડેરી હાર્દિક એન. | શ્રી ભેંસદડ પ્રાથમિક શાળા | 31 |
| 17 | એક નાનકડો પ્રયાસ | પરમાર હીનાકુમારી આર. | સી.આર.સી કાલાવડ તાલુકા શાળા નં 1 | 33 |
| માધ્યમિક વિભાગ | | | | |
| 1 | વહાલી દિકરીઓનું જીવન ઘડતર | જાદવ રમીલા એચ. | કે.જી.બી.વી. – બબરઝર | 36 |
| 2 | Budding Biology | કણજારીયા ભારતીબેન અશોકભાઈ | શ્રી જી.એમ. પટેલ કન્યા વિદ્યાલય – ધ્રોલ | 38 |
| 3 | દિવ્યાંગતાની 21 કેટેગરીની ઓળખ | રમેશભાઈ મોહનભાઇ ભંડેરી | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી - જામનગર | 40 |

# BRAIN BOOSTER GAMES



ઇનોવેટરનું નામ : વડગામા ધર્મિષ્ઠાબેન કાંતિલાલ

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી વિજરખી પ્રાથમિક શાળા, તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9712864745

વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત, સાંપ્રત વિષયો ( FLN,NEP .... )

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ? જૂન 2023 થી

## હેતુઓ :

- બાળકો રમત-ગમત દ્વારા વિવિધ વિષયોનું શિક્ષણ મેળવે.
- સમજપૂર્વકનું મૂર્તવસ્તુઓ દ્વારા પ્રાયોગિક શિક્ષણ મેળવે.
- બાળકોની તર્કશક્તિ, બૌધ્ધિક શક્તિનો વિકાસ થાય.
- બાળકોમાં સમૂહભાવના, નેતૃત્વ, ચપળતા, એકાગ્રતા, જેવા ગુણો વિકસે.
- બાળકોની વિચારશક્તિ, નિર્ણયશક્તિ, સમજશક્તિ વગેરેમાં અભિવૃધ્ધિ થાય.
- બાલવાટિકા વર્ગના બાળકો શાળામાં આવવા માટે ઉત્સાહ દાખવે અને ગેરહાજરીનું પ્રમાણ ઘટાડી શકાય.

## અમલીકરણ વ્યુહ રચના :

- ધોરણ 1 થી 4 ના બાળકો હસતાં- હસતાં શાળાએ આવે અને હસતાં-હસતાં શાળાએથી જાય તેવી વિવિધ રમતોનું આયોજન કરી બાળકોને વિરામ સમયમાં, પ્રજ્ઞાવર્ગમાં રમે તેવી રમતમાં, બાલવાટિકામાં મેદાની રમત, વર્ગખંડની મુક્ત રમત વગેરેમાં આ રમતો આપવાનું શરૂ કરવામાં આવ્યું.
- બાળકોની બાલવાટિકાથીજ શાળામાં રહેવું ગમે, શાળા પ્રત્યે હકારાત્મક વલણ દાખવે, મેદાનની રમતો, વર્ગખંડની મુક્ત રમતોમાં પણ આ રમતોનો ઉપયોગ કરવામાં આવે છે.
- પ્રજ્ઞાવર્ગમાં રમે તેની રમતોમાં પ્રજ્ઞાવર્ગના બાળકો સહેલાઇથી ઉપયોગ કરી શકે તેવા જાડા પુઠામાથી વિવિધ રમતો બનાવવામાં આવી છે.
- ધોરણ 3 અને 4 ના બાળકોના હાથ, મગજ, આંખનો એક સાથે ઉપયોગ કરીને તેમની સમજશક્તિને આધારે રમતને આગળ વધારવામાં આવી રહી છે.
- રમત અંગેનું માર્ગદર્શન આપ્યા બાદ બાળક પોતાની સમજશક્તિ અને આંતરસૂજથી રમતો રમી શકે છે.

## ઉપયોગિતા :

- પ્રાથમિક શિક્ષણ મેળવતા બાળકોના માનસિક વિકાસના સ્તરને ઊંચું લાવવામાં મદદરૂપ થાય.
- બાળકોના બૌધ્ધિક કૌશલ્યોનો ભરપૂર ઉપયોગ થતો હોવાથી અભ્યાસમાં પાછળ રહી ગયેલ બાળકોની બૌધ્ધિક ક્ષમતા માપવામાં સરળતા રહેશે.
- અમુક રમતો વિષય સંલગ્ન હોવાથી જે-તે વિષયના લર્નિંગ- આઉટકમ્સના મૂલ્યાંકન, સિધ્ધી અને સરળતા સુધી પહોચવામાં મદદરૂપ થશે.

➢ બાળકોની અભિરુચિને ધ્યાનમાં રાખીને બનાવેલ હોવાથી બાળકના બૌધ્ધિક સ્તરને માપી તે મુજબ બાળકનું શિક્ષણ કરવું સરળ રહેશે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

1. ધોરણ 1 થી 4 ના પ્રાથમિક વિભાગના બાળકોને આવી રમતો જે-તે સમયે આપીને વિષય સંલગ્ન રમતો દ્વારા લર્નિંગ આઉટકમ્સનું મૂલ્યાંકન કરી શકાય.
2. ધોરણ 3 અને 4 માં વિષય આધારિત રમતો દ્વારા ઉપચારકાર્યમાં પણ મૂલ્યાંકન કરી શકાય છે.
3. બાળકોની માનસિક યોગ્યતા ચકાસી શકાય છે.
4. વિવિધ કૌશલ્યો ધરાવતા તમામ બાળકોનું મૂલ્યાંકન શક્ય બને છે.

## નવતર પ્રયોગનું પરિણામ :

1. આ નવતર પ્રયોગથી બાળકોની ગેરહાજરીનું પ્રમાણ ઘટતું જોવા મળ્યું.
2. અંતર્મુખી સ્વભાવવાળા બાળકો પણ પોતાની પ્રતિભા બહાર લાવવામાં ખચકાટ અનુભવતા નથી.
3. વિષયને અનુરૂપ રમતોમાં બાળકોને કઠિન લાગતાં મુદ્દા સરળતાથી શીખતા થયા અને વિષય પરત્વેનો અણગમો દૂર થયો.
4. ગમ્મત સાથે જ્ઞાન મળતું હોવાથી બાળકોની રસ-રુચિ જળવાવાની સાથે વિષય પ્રત્યેનો કંટાળો દૂર થયો છે.
5. બાલવાટિકા અને પ્રજ્ઞાવાર્ગના બાળકોને મુક્ત રીતે રમતો રમતા હોવાથી ઘર જેવુ વાતાવરણનો અનુભવ કરે છે.
6. વાલીશ્રીઓ પાસેથી પણ રમતો પ્રત્યે હકારાત્મક વલણ જોવા મળ્યું.
7. આ ગેમથી બાળકોમાં સમસ્યા નિવારણ કૌશલ્યનો આ મુજબ વિકાસ થયેલા જોવા મળ્યા.
   બાળવાટિકા અને ધોરણ-1 માં 20% થી 25%, ધોરણ-2 માં 30% થી 35% ધોરણ-3 માં 30-35%, ધોરણ-4 માં 42% થી 50% સુધી લક્ષ્યાંક પ્રાપ્ત થયા.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

1. જૂન- 2023થી આ નવતર પ્રયોગની શરૂઆત કરી છે.
2. હજીપણ નવા – નવા વિચારો, નવી રમતો , તથા નવીનતા સતત ઉમેરવાને અવકાશ છે અને રાજ્યની બીજી શાળાને પણ આ આઇડિયા આપવાનો વિચાર છે.
3. તમામ બાળકો તમામ રમતો એક સાથે રમી શકે, માણી શકે અને શાળા પ્રત્યે આકર્ષાય તેવા લક્ષ્યાંકો છે.

## ફોટોગ્રાફ્સ / વિડીયો લિન્ક / QR કોડ :





# Learn with Fun



ઇનોવેટરનું નામ : કરંગીયા ક્રિષ્નાબેન નારણભાઇ

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : વાવડી પ્રાથમિક શાળા, તાલુકો : લાલપુર

મોબાઈલ નંબર : **9723201535**

વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગની કેટેગરી વિષયવસ્તુ પેડાગોજી આધારિત, ટેક્નોલોજીનો ઉપયોગ, સહભ્યાસિક પ્રવૃત્તિ

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે **01/12/2022** થી

## હેતુઓ :

1. વિવિધ રમતો દ્વારા basic grammer સરળતાથી શીખી શકે અને અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરી શકે.
2. રોજિંદા વ્યવહારમા અંગ્રજી બોલતા અને સમજતા થાય.
3. અભિનય દ્વારા Rymes અને સંવાદ બોલતા શીખે
4. ટેક્નોલોજીનો ઉપયોગ કરતા થાય.
5. Wh પ્રશ્ન પૂછતાં અને સમજતા થાય.
6. વિવિધ પ્રોજેક્ટ બનાવતા થાય.

## અમલીકરણ વ્યુહ રચના :

વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષયમાં રહેલી કચાશ ઝડપથી દૂર કરવા અને વાંચન લેખનમાં પડતી મુશ્કેલીઓને નિવારવા Learn with Fun નામનો નવતર પ્રયોગ શરૂ કર્યો. જેનાથી વિદ્યાર્થીઓ લેખન અને વાંચન પ્રવૃતિ અને રમત દ્વારા શીખે અને અધ્યન નિષ્પતિઓ સિદ્ધ કરી શકે. રમત દ્વારા શિક્ષણમાં વિદ્યાર્થીઓને રસ પડે અને લાંબા સમય સુધી યાદ રાખી શકે છે. તે માટે પ્રયોગની વ્યૂહરચના નીચે મુજબ છે

- અંગ્રેજીમાં LSRW કૌશલ્ય વિકસાવવા શબ્દભંડોળ ખુબજ જરૂરી છે. નવતર પ્રયોગમાં એક સ્પેલીંગ બોક્સમાં અલગ અલગ પ્રકારના વ્યવહારમાં ઉપયોગી સ્પેલિંગ રાખવામા આવ્યા છે. સ્પેલિંગ બોક્સને કલાસના દરવાજા પર મુકવામાં આવ્યું. દિવસ દરમિયાન કલાસમાં આવતા બોક્સમાંથી એક સ્પેલિંગ લઇ વાંચી યાદ રાખી સ્પેલિંગ બુકમાં લખવો.
- કોણ વધુ સ્પેલિંગ લખે એવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.
- spoken English improve કરવા તેમજ વ્યવહારમાં અંગ્રેજી બોલતા અને સમજતા થાય એ માટે એક sentence box બનાવવામાં આવ્યું જેમાં રોજિંદા વપરાતા અંગ્રજી વાક્યો અર્થ ઉચ્ચાર સાથે મુકવામાં આવ્યા. પ્રાર્થના પછી એક વાક્ય લઇ બુકમાં લખી દિવસ દરમિયાન શીખવાની સૂચના આપવામાં આવે છે. આનાથી spoken english નો મહાવરો થાય અને વ્યવહારમા અંગ્રેજી બોલતા અને સમજતા થાય.
- આજકાલ વિદ્યાર્થીઓના social media ના વધતા જતા ઉપયોગને સાચી દિશા આપવા એક youtube chhanel બનાવવામાં આવી છે. જેમાં વિવિધ પ્રવૃતિઓના વિડિઓ મુકવામાં આવે છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ dilogue અને action song શીખીને આવે છે અને વિવિધ અંગ્રેજી રમતોમાં હોંશભેર ભાગ લે છે.
- જ્ઞાનકુંજ પ્રોજેકટ અંતર્ગત smart TV માં દરેક વિષયોની અધ્યયન નિષ્પતિઓ આધારિત interactive ગેમ દ્વારા ટેસ્ટનું આયોજન કરવામાં આવે છે અને વધુ score કરનારને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવે છે.

- Grammer ના વિવિધ મુદ્દાઓ અલગ અલગ game અને ચાર્ટ્સથી શીખવામાં આવે છે. જેથી ભાષા રસપ્રદ લાગે આ માટે શાળાના એક કોર્નરમાં game zone બનાવવામાં આવ્યું છે. જેમાં વિવિધ word અને grammer ગેમ રાખવામા આવી છે. જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ નવરાશના સમયમાં કરી શકે અને જાતે અભ્યાસ કરી શકે.

## ઉપયોગિતા :

- રોજિંદા વ્યવહારમા વિદ્યાર્થીઓએ અંગ્રજી ભાષા બોલતા અને સમજતા થયા.
- શબ્દભંડોળ વધ્યું
- બાળકોમાં અંગ્રજી ભાષાના LSRW કૌશલ્ય વિકસાવવા જેવી તેમજ અન્ય અસરકારક પ્રયુક્તિઓથી શિક્ષણકાર્ય રસપ્રદ બન્યુ
- કઠિન બિંદુઓને આત્મસાત કરી શક્યા અને રમત દ્વારા શિક્ષણકાર્યથી જિજ્ઞાસા વૃત્તિ વધી
- પ્રોજેક્ટ અને tlm માટે ઉત્સુકતા વધી
- શ્રુતલેખનમાં સુધારો જોવા મળ્યો

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન

રોજિંદા વ્યવહાર મા અંગ્રજી બોલતા થયા. સ્પેલિંગ બુકમાં શીખેલું શબ્દભંડોળ જોઈ શકાય છે. મૂલ્યાંકન શીટ પ્રમાણે જોઈ શકાય છે. એકમ કસોટી અને પરીક્ષાના પરિણામમાં સુધારો જોઈ શકાય છે

## નવતર પ્રયોગનું પરિણામ

1. વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે રસ અને રુચિ વધ્યા છે. જેથી દરેક બાળક પ્રારંભિક વાંચન, લેખન અને ગણિત તરફ પ્રોત્સાહિત થયા છે. .
2. બાળક અર્થગ્રહણ સહિત વાંચન કરી શકે અને અભિવ્યક્તિ સહિત લખી શકે
3. અંગેજી અને ભાષાના વિષયોમાં રસ રુચિ વધી.
4. શિક્ષણકાર્ય સરળ બન્યું.
5. You tube chhanel ના માધ્યમ થી action song ને drama ઉત્સુકતાથી શીખે
6. શબ્દ ભંડોળ સમૃદ્ધ બન્યું.
7. અંગ્રેજીમાં શ્રુતલેખન કરી શકે છે

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ

હાલમાં આ નવતર પ્રયોગ ચાલુ છે, તેનું ખુબજ સારું પરિણામ મળ્યું અને ભવિષ્યમાં મૂલ્યાંકનના આધારે જરૂરી સુધારા કે ફેરફાર સાથે ચાલુ રાખવામાં આવશે.

## ફોટોગ્રાફ્સ / વિડીયો લિન્ક / QR કોડ :

https://youtube.com/@shreeVavdiprimaryschool-mu8ih?si=0sY6PLE3cLAMu-jk

# 3D QUILING ART



ઇનોવેટરનું નામ : ડોબરીયા હિતેષ આર.

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી મોટા વાગુદડ કુમાર શાળા, તાલુકો : ધ્રોલ

મોબાઈલ નંબર : 8866880666

વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગનું ક્ષેત્ર : સહ અભ્યાસીક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : 2011 થી

## હેતુઓ :

- બાળકમાં સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય.
- બાળક મોબાઈલના વ્યસનથી દુર થાય.
- બાળક અને શિક્ષક વચ્ચેની અત્મીયતામાં વધારો થાય.

## અમલીકરણ વ્યુહ રચના :

વિદ્યાર્થીઓની વયકક્ષા પ્રમાણે બાળકોને કાગળની જુદી જુદી પ્રવૃતિઓ શિખવાડવાનું ચાલુ કર્યું. ઓરીગામીના નમૂનાઓ જેવા કે કાગળમાંથી પશુઓ, પ્રાણીઓ, ફૂલ, હંસ, ગણપતિની મૂર્તિ, ભગવાન કૃષ્ણની મૂર્તિ, હનુમાન દાદાની મૂર્તિ વગેરે બનાવતા શીખવાડ્યું.

## ઉપયોગિતા :

બાળકો શાળામાં શીખેલા મોડેલ ઘરે બનાવી પોતાના સબંધીને પ્રસંગો પર ભેટ આપે છે.સબંધીઓ તરફથી મળેલા પ્રોત્સાહનના શબ્દો બાળકોમાં નવી ઉર્જાનો સંચાર કરે છે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

આ નવતર પ્રયોગના પરિણામ સ્વરૂપ શરૂઆતમાં એવા બાળકો કે જેને ભણવામાં ઓછો રસ હોવાને લીધે શાળાએ અનિયમિત હતા એવા બાળકો કાગળની પ્રવૃત્તિ શીખવા માટે શાળાએ આવવા લાગ્યા. મોટા ભાગના બાળકો શાળામાં શીખેલી પ્રવૃતિનું ઘરે પુનરાવર્તન કરવા લાગ્યા. આવી પ્રવૃતિમાં બાળકોને રસ પડતો હોવાથી તેને નવા નવા મોડેલ બનાવવામાં રસ પાડવા લાગ્યો. અને મોબાઈલની દુનિયામાંથી બાળક બહાર નીકળીને સમુહમાં પ્રવૃત્તિ કરતા થયા. તેમજ આ પ્રવૃતિમાં તેમના પરિવારના સભ્યો પણ સામેલ થાય જેના પરિણામે બાળકોમાં પરિવાર ભાવનાનો વિકાસ થયો.

## નવતર પ્રયોગનું પરિણામ :

આ નવતર પ્રયોગના પરિણામે આવી પ્રવૃત્તિઓ શીખવા માટે બાળકો શાળાએ આવવા લાગ્યા. જેના પરિણામે હાજરીમાં સતત વધારો જોવા મળ્યો. અને તેનો શાળા પ્રત્યેનો ડર પણ દુર થયો. સતત મોબાઈલમાં વ્યસ્ત રહેતા બાળકો હવે મોબાઈલમાંથી જોઇને આવા મોડેલ જાતે બનાવતા શીખ્યા. આમ સતત ગેમ અને બીજી પ્રવૃત્તિ માટે

મોબાઈલનો ઉપયોગ કરતા બાળકો હવે પ્રવૃત્તિ અને શિક્ષણ માટે મોબાઈલનો ઉપયોગ કરતા થયા. જેના પરિણામે તેની સર્જનાત્મક શક્તિ અને જ્ઞાનમાં વધારો થયો.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

આ નવતર પ્રયોગ હાલની સ્થિતિએ પણ કાર્યરત છે. શાળાના મોટાભાગના બાળકો રીષેસના સમય દરમિયાન અને વધારાના સમયમાં આ પ્રવૃત્તિ પોતાની જાતે કરે છે.

## ફોટોગ્રાફ્સ / વિડીયો લિન્ક / QR કોડ :

# દિલ્હી દર્શન



ઈનોવેટરનું નામ : ચોંચા પાલાભાઈ બાબુભાઇ
હોદ્દો : મદદનીશ શિક્ષક
શાળાનું નામ : શ્રી આણંદપર કુમાર શાળા, તાલુકો : કાલાવડ
મોબાઈલ નંબર : 9909730148
વિભાગ : પ્રાથમિક
નવતર પ્રયોગનું ક્ષેત્ર : સહ અભ્યાસીક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ

## હેતુઓ :

- આંતરરાજ્ય પ્રવાસ દ્વારા ભાષા વિકાસ
- રેલ્વે મારફત પ્રવાસ કરવાથી રેલ્વે વિશે માહિતગાર અને પરિચિત થાય.
- સામૂહિક ભાવનાનો વિકાસ કરવો.
- અહેવાલ લેખન, પત્ર લેખન, નિબંધ લેખન, સ્વતંત્ર લેખન વિકાસ થાય

## અમલીકરણ વ્યુહ રચના :

શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવાસ માટે રાજ્ય બહાર શૈક્ષણિક પ્રવાસનું આયોજન દિલ્હી દર્શન કરવામાં આવ્યું, જે અન્વયે વિદ્યાર્થીઓને રેલ્વેથી માહિતગાર કરવા માટે રેલ્વે મારફત પ્રવાસનો આયોજન કરવામાં આવેલ , જેમાં વર્ષ 2012માં સુમરી ભલસાણ પ્રાથમિક શાળામાં વર્ષ 2015માં જુવાનપર પ્રાથમિક શાળામાં વર્ષ 2023 માં આણંદ પર કુમાર શાળામાં વિદ્યાર્થીઓને દિલ્હી દર્શન નો આઠ દિવસનો શૈક્ષણિક પ્રવાસ કરાવવામાં આવેલ, જેમાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રપતિ ભવન સંસદ ભવન રાષ્ટ્રપતિ ભવન મ્યુઝિયમ પીએમઓ મ્યુઝિયમ લાલ કિલ્લો અક્ષરધામ મંદિર ઇન્ડિયા ગેટ શહીદ વીર સ્મારક કુતુબમિનાર લોટસ ટેમ્પલ રાજઘાટ દિલ્હી દર્શન મેટ્રોની સફર કરાવવામાં આવેલ.

રેલવેમાં પ્રવાસ હોવાથી રેલ્વે રિઝર્વેશન કેમ કરાવવું સમય સારણી રેલવે સમયપત્રક રેલવે ક્રોસિંગ રેલવેના કર્મચારીની ફરજો ટીટી સાથે મુલાકાત કુલ્લી સાથે મુલાકાત કરાવવામાં આવેલ. સંસદના બંને ગૃહો લોકસભા અને રાજ્યસભા ની જાણકારી સચોટ રીતે આપવામાં આવેલ, સમગ્ર પ્રવાસ દરમિયાન દરરોજ વિદ્યાર્થી મિત્રો પાસે અહેવાલ લેખન કરાવવામાં આવેલ, પ્રવાસ પૂર્ણ થયા પછી અહેવાલ વાંચન મામાને પત્ર લેખન કરાવવામાં આવેલ એકમ કસોટીમાં તર્ક આધારિત તેમજ નિબંધ અહેવાલ લેખન માટે આ શૈક્ષણિક પ્રવાસ ખૂબ જ ઉપયોગી રહ્યો, વિદ્યાર્થીઓ આઠ દિવસ એક સાથે દિવસ રાત સાથે રહેતા હોવાથી સમુહ ભાવનાનો વિકાસ થયો.

## ઉપયોગીતાઃ

- દિલ્હી દર્શન શૈક્ષણિક પ્રવાસ શાળાના ધોરણ છ થી આઠના વિદ્યાર્થી મિત્રોને લાગુ પાડી શકાય એમ છે.
- દિલ્હી દર્શન શૈક્ષણિક પ્રવાસ અભ્યાસક્રમમાં ખૂબ ઉપયોગી છે.
- વિદ્યાર્થીઓને ભાષા વિકાસ માટે આંતર રાજ્ય પ્રવાસ ખૂબ જરૂરી છે
- અધ્યયન તેમજ અધ્યાપન પ્રક્રિયાના ઘણા મુદ્દા દિલ્હી દર્શન શૈક્ષણિક પ્રવાસ મારફત શીખવી શકાય છે
- સામાજિક વિજ્ઞાન વિષયમાં આવતા વિવિધ પ્રકરણોમાં દિલ્હી દર્શન શૈક્ષણિક પ્રવાસ ખૂબ ઉપયોગી થાય છે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

દિલ્હી દર્શન શૈક્ષણિક પ્રવાસ બાદ મૂલ્યાંકન માટે અહેવાલ લેખન પત્ર લેખન સ્વતંત્ર લેખન કરાવવામાં આવેલ તેમજ મૌખિક વર્ણન જેવી પ્રવૃત્તિ પ્રાર્થના સભામાં કરાવવામાં આવેલ .

## નવતર પ્રયોગનું પરિણામ :

નવતર પ્રયોગ પૂર્વે વિદ્યાર્થીઓ નિબંધ લેખન તેમજ અહેવાલ લેખનમાં મુશ્કેલી અનુભવતા હોય જે દિલ્હી દર્શન શૈક્ષણિક પ્રવાસથી વિદ્યાર્થી મિત્રોને ખૂબ જ સરળતાથી મારો યાદગાર પ્રવાસ વિશે નિબંધ તેમજ અહેવાલ સારી રીતે લખી શકે છે.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

નવતર પ્રયોગ હાલ કાર્યરત છે અને તેના સારા પરિણામો મળી રહ્યા છે.

## ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો












# કાલાવડ તાલુકાની આણંદપર કુમાર શાળા દ્વારા દિલ્હી દર્શન શૈક્ષણિક પ્રવાસ યોજાયો

### આઠ દિવસના શૈક્ષણિક પ્રવાસથી શાળાના બાળકો આનંદિત: જામનગરના સાંસદ પુનમબેન માડમે વિદ્યાર્થીઓને મહેમાનગતિ કરાવી

(રાજુ રામોલીયા)
કાલાવડ તા.૨૫

શિક્ષણ સાથે જીવન ઘડતર, શૈક્ષણિક પ્રવાસ એટલે બાળકો માટે અતિ આનંદના દિવસો. જામનગરના કાલાવડ તાલુકાની શ્રી આણંદપર કુમાર શાળા દ્વારા આયોજિત દિલ્હી દર્શન શૈક્ષણિક પ્રવાસ ૨૦૨૩નું આયોજન ૮ દિવસ સુધી કરવામાં આવેલ. શાળાના બાળકો વ્યસનથી દુર રહે તે માટે સૌપ્રથમ રાજકોટ સ્થિત કેન્સર હોસ્પીટલની મુલાકાત બાળકોને કરાવેલ, દિલ્હી દર્શન શૈક્ષણિક પ્રવાસમાં વિદ્યાર્થીઓને ટ્રેનમાં સફર કરાવવામાં આવેલ. રેલવે રિઝર્વેશન પ્લેટફોર્મ ટીકીટ સમય સારણી તેમજ રેલ્વેની તમામ માહિતીથી વિદ્યાર્થીઓને અવગત કરાવવામાં આવેલ.

દિલ્હી દર્શન શૈક્ષણિક પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિ ભવન, રાષ્ટ્રપતિ ભવન મ્યુઝિયમ, સંસદ ભવન, પીએમ સંગ્રહાલય, લોટસ ટેમ્પલ, લાલ કિલ્લા, ઈન્ડીયા ગેટ, નેશનલ વોર મેમોરિયલ, કુતુબમિનાર, ઈન્દીરા ગાંધી મ્યુઝીયમ, ગાંધી મ્યુઝીયમ અક્ષરધામ મંદિરની મુલાકાત, વોટર શો, ચાંદની ચોક, મેટ્રો ટ્રેનની સફર કરાવવામાં આવેલ. વિદ્યાર્થીઓ શિક્ષણની સવિશેષ બાબતોથી માહિતગાર થાય તે માટે દિલ્હી ગવર્મેન્ટ સ્કૂલની એક્સપોઝર વિઝીટ પણ કરવામાં આવેલ.

સમગ્ર પ્રવાસ દરમિયાન રાત્રી રોકાણ દિલ્હી સ્થિત ગુજરાતી ભવનમાં કરવામાં આવેલ. શૈક્ષણીક પ્રવાસમાં આણંદપર કુમાર શાળાના આચાર્ય આડતીયા અન સુયાબેન, મદદનીશ શિક્ષક પીંગાળી, ડીમ્પલબેન તેમજ મદદનીશ શિક્ષક પાલાભાઈ ચોચા અને શાળાના ધોરણ ચારથી આઠના ૩૦ બાળકો જોડાયેલ. જામનગર જિલ્લાના સંસદસભ્ય પુનમબેન માડમ દ્વારા એક દિવસ આણંદપર કુમાર શાળાના બાળકોને પોતાની દિલ્હી સ્થિત બંગલે મહેમાનગતિ કરાવી સુંદર મજાના ભોજનની વ્યવસ્થા કરી શાળાના બાળકો તેમજ સાથે પ્રવાસમાં જોડાયેલ સ્ટાફ સાથે ઓનલાઈન મુલાકાત કરેલ. દિલ્હી દર્શન શૈક્ષણિક પ્રવાસ માટે નિકાવા શિક્ષક પરીવાર, તાલુકા શાળા આચાર્ય, શિક્ષકો સીઆરસી, બીઆરસી, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, જિલ્લા પ્રાથમીક શિક્ષણ અધિકારી, નિયામક ગાંધીનગર, રાજ્ય શિક્ષક સંઘના પ્રમુખ તેમજ વિવિધ સ્વરૂપે મદદરૂપ થનાર શાળા પરીવારના આચાર્ય સ્ટાફગણ, વાલીગણ, વિદ્યાર્થીગણ, મિત્ર ગણ, અધિકારીઓ, પદાધિકારીઓ દાતાઓ સૌનો આભાર શાળાના આચાર્ય આડતીયા અનસુયાબેન દ્વારા વ્યક્ત કરવામાં આવેલ. જેમણે આઠ દિવસ સુધી પોતાના વહાલસોયા સંતાનોને શિક્ષકો સાથે પ્રવાસના સ્વરૂપે આઠ દિવસની સંમતિ આપી તે વાલીગણનો પણ આભાર માન વામાં આવેલ, સમગ્ર દિલ્હી દર્શન શૈક્ષણિક પ્રવાસના આયોજનથી આણંદપર કુમાર શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓએ આનંદની લાગણી વ્યક્ત કરેલ.

## Teaching and Educating



ઇનોવેટરનું નામ : રસુલભાઈ જમાલભાઈ એરંડીયા

હોદ્દો : સી.આર.સી.કો-ઓર્ડિનેટર

ક્લસ્ટરનું નામ : સી.આર.સી. નાના વડાળા, તાલુકો : કાલાવડ

મોબાઈલ નંબર : 9712414040

વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગનું ક્ષેત્ર : શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનૉલોજિનો ઉપયોગ

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : 2019

### હેતુઓ :

- અધ્યયન નિષ્પત્તિ આધારિત ચિત્રાત્મક દ્રશ્ય-શ્રાવ્ય સાથે અંગ્રેજી વ્યાકરણની સમજૂતી.
- શિક્ષકો અને સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને એડવાન્સ અંગ્રેજી વ્યાકરણની સરળ રીતે સમજૂતી.
- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની સંપૂર્ણ સમજૂતી.

### અમલીકરણ વ્યુહ રચના :

NEP અંતર્ગત 2019 માં માત્ર 23 પ્રકરણ હતા. પરંતુ 2020 માં Online and Digital Education નામનું પ્રકરણ 24 ખાસ ઉમેરવામાં આવ્યું છે. તો આ વિશેષ પ્રકરણ ઉપર વધુ ધ્યાન આપીને ગુજરાતના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષણ મેળવવાની તૃષા ધરાવતા લોકો સુધી ફ્રી સોર્સ તરીકે પહોંચવા માટે એક સાર્થક પ્રયત્ન કરવામાં આવ્યો. જે અંતર્ગત બે YouTube ચેનલની શરૂઆત કરેલી.

(1) Language Digital Class: જેમાં શિક્ષકો માટે શિક્ષણના પ્રવાહો અને ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા ઉમેદવારો માટે અંગ્રેજી વ્યાકરણ અંગેના વિડિયો અપલોડ કરેલા છે. જેમાં 4900 જેટલા સબ્સ્ક્રાઇબર્સ, 11200 કલાકો સુધી વિડીયો જોવાયેલ છે અને 167709 જેટલા views ઓગસ્ટ 2023 સુધીમાં થયેલા છે. સૌથી વધુ જોવાયેલા વિડીયો પર 34000+ વ્યુઝ મળેલ છે. (2) Only English Digital Class: પ્રાથમિક શિક્ષણમાં આપણને ખ્યાલ જ છે કે અધ્યયન નિષ્પત્તિઓ એ કેન્દ્ર સ્થાને રહેલા મહત્વના માઈલ સ્ટોન છે. તો આ અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ વધુ સરળ, સચિત્ર અને આકર્ષક બને તે હેતુથી આ ચેનલમાં પ્રાથમિક શિક્ષણને લગતા વિવિધ વિષયો તેમાં અંગ્રેજી, વિજ્ઞાન અને ટેકનોલોજી, દિન વિશેષ જેવા વિવિધ વિષયો આધારીત વિડિયો અપલોડ કરેલા છે. જેને પણ ખૂબ સારો પ્રતિસાદ મળેલ છે. જેમાં 240 કલાકો સુધી વિડીયો જોવાયેલ છે અને 12000 જેટલાં વ્યુઝ ઓગસ્ટ 2023 સુધીમાં થયેલા છે.

### ઉપયોગિતા :

- ટેકનોલોજીની મદદથી સમય કે નાણું ખર્ચ્યા વિના NEP, અધ્યયન નિષ્પત્તિ આધારિત શિક્ષણ, એડવાન્સ અંગ્રેજી વ્યાકરણની સમજ.
- યુટયુબ ચેનલનાં માધ્યમથી ફ્રી શિક્ષણ.
- અધ્યયન નિષ્પત્તિઓ આધારિત વિડિયો હોવાથી જે તે અધ્યયન નિષ્પત્તિ સિદ્ધિ માટે ખાસ ઉપયોગ
- સ્પર્ધાત્મક પરીક્ષાનાં ઉમેદવારોને પુછાયેલા પ્રશ્નો સહિતનો મહાવરો.

- **NEP 2020** નાં પ્રકરણ **24** ને સંપુર્ણ ન્યાય.
- **NEP 2020** નાં **Holistic Education** ને ન્યાય.
- ગુજરાતનાં શિક્ષણની તૃષા ધરાવતા તમામ લોકો સુધી પહોંચ.

પ્રસ્તુત નવતર ગુજરાતી ભાષામાં થયેલ છે. આથી આ નવતર પ્રયોગને રાજ્યની કોઇપણ ગુજરાતી માધ્યમની પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અમલીકૃત કરવો બિલકુલ સરળ છે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

આ બંને ચેનલ્સ દ્વારા આપવામાં આવેલા ઘણા વીડિયોના **DESCRIPTION** માં ગૂગલ ફોર્મ દ્વારા ટેસ્ટનું આયોજન કરેલ છે. જેનું પરિણામ ટેસ્ટ આપનારને સાચા જવાબો સાથે તરત જ મળી જાય તેવું આયોજન કરેલ છે. જેથી વિદ્યાર્થીઓને ખબર પડે કે આ વિડીયો દ્વારા તેઓ શું અને કેટલું શીખ્યા? જે રિસ્પોન્સ જોતા જણાયું કે ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાંથી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય પરીક્ષાના ઉમેદવારો પણ જોડાયા છે.

## નવતર પ્રયોગનું પરિણામ :

વિદ્યાર્થી કોઇપણ સમયે કોઇપણ સ્થળે જ્ઞાનની તૃષા સંતોષી શકે, **NEP** ના અંતિમ પ્રકરણ કે જે જરૂર જણાતા ઉમેરવામાં આવ્યુ હતું અને આજના સમયની તાતી જરૂરીયાત છે. તે "ઓનલાઇન શિક્ષણ" ને વેગ આપવા **"LANGUAGE DIGITAL CLASS"** અંતર્ગત પ્રાથમિક શાળા સિવાયના દરેક વર્ગના વિદ્યાર્થીઓને, શિક્ષકોને અને ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાના વિદ્યાર્થીઓને ઉપયોગી યુટ્યુબ ચેનલ નિર્માણ. **"ONLY ENGLISH DIGITAL CLASS"** યુટ્યુબ ચેનલ અંતર્ગત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે માત્ર અધ્યયન નિષ્પત્તિ આધારિત અંગ્રેજી જ નહિ, પરંતુ દિન વિશેષ, વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રયોગ, વેશભૂષા, વકતૃત્વ જેવા વિવિધ વિષયો અને વિષયાંગોને આવરી લઇ એક **Complete Combo** પીરસવાનો પ્રયાસ કરેલ છે. સૌથી વધુ જોવાયેલા વિડીયો પર **34000+** વ્યુઝ મળેલ છે.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

હાલમાં પણ આ નવતર પ્રયોગ ચાલુ જ છે. અવનવા ઉપયોગી વિડીયો મુકવામાં આવી જ રહ્યા છે. અને આ પ્રક્રિયા શરૂ જ રાખવામાં આવશે.

## ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QR કોડ :

NEP　　Advance Grammar　　Primary Videos

# AI ટેકનોલોજી આધારિત શોર્ટ વિડિયો




ઇનોવેટરનું નામ : રાજેશકુમાર જી બરોચીયા

હોદ્દો : આચાર્ય

શાળાનું નામ : જાંબુડી વાડી પ્રાથમિક શાળા, તાલુકો : જામજોધપુર

મોબાઈલ નંબર : 9714071412

વિભાગ : પ્રાથમિક


નવતર પ્રયોગનું ક્ષેત્ર : શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનૉલૉજિનો ઉપયોગ

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : જુલાઈ 2022 થી

## હેતુઓ :

1. સરળ અને આકર્ષક શૈલીમાં શીખવી શકાય.
2. પરંપરાગત શિક્ષણની મર્યાદા દૂર કરી શકાય.
3. બાળકો વ્યક્તિગત શીખી શકે છે.
4. બાળકો જરૂરી જ્ઞાન તથા કુશળતાથી સજ્જ થઈ શકે.

## અમલીકરણ વ્યુહ રચના :

એક જ શિક્ષકે એક થી વધુ ધોરણનું શૈક્ષણિક કાર્ય કરવાનું થયું તમામ ધોરણો અને સારા-નબળા તમામ બાળકોને જરૂરી શિક્ષણ કાર્ય મળી રહે તે માટે ટેકનોલોજીના ઉપયોગથી શિક્ષણ કાર્ય કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ માટે જોડકણા, અંગ્રેજી શબ્દો, ઉખાણા, નાની વાર્તા ,કારીગરોનું વર્ણન વગેરેના ટૂંકા વિડીયો બનાવી બાળકોને બતાવવા તથા વાલીઓના મોબાઇલમાં મોકલવા જેથી તેઓ ઘરે પણ જોઈ શકે, વળી AI ટેકનોલોજીનો ઉપયોગ કરવાથી અસરકારકતા વધુ સાબિત થશે તેવી આશા હતી. વળી અમારી શાળામાં કોમ્પ્યુટર, ટીવી વગેરે કોઈપણ પ્રકારના સાધનો નથી. તેથી આ નવતર પ્રયોગ અમલમા મુકવાનુ નક્કી કર્યું.

## ઉપયોગિતા :

શિક્ષણને વધુ આનંદપ્રદ અને અસરકારક બનાવે છે. દરેક બાળકને વ્યક્તિગત શીખવાનો અનુભવ મળે છે. સમાવેશી શિક્ષણને પ્રોત્સાહન મળે છે. અંતરિયાળ અને વંચિત વિસ્તારના બાળકો સુધી આ સામગ્રી સરળતાથી પહોંચાડી શકાય. વિષયવસ્તુના પુનરાવર્તન માટે ખૂબ ઉપયોગી. બાળકો પોતાની ગતિએ અને સમયે શીખી શકે છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી શકાય છે. શિક્ષણમાં પૂરક સાધન તરીકે ઉપયોગી. સર્વગ્રાહી શિક્ષણનો અનુભવ પ્રાપ્ત થાય છે. નબળા બાળકોના સર્વાંગી વિકાસમાં મહત્વનું યોગદાન. અન્ય શાળાના બાળકોને પણ ઉપયોગી છે. ઓનલાઇન પણ હોવાથી બાળકો ગમે ત્યારે જોઈ શકે છે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

પ્રશ્નોત્તરી દ્વારા- દા.ત. આવતી કાલના વીડિયોમાં શું હતું ? તેવો પ્રશ્ન પૂછતા બાળકો તમામ બાબતો સરળતાથી જણાવે છે અને પોતાને કેટલું યાદ રહ્યું છે તેની શિક્ષકને ખબર પડે છે. બાળકો જણાવે છે તેના પરથી નક્કી કરી શકાય કે આ નવતર પ્રયોગની અસરકારકતા કેટલી છે લગભગ તમામ વીડિયોની માહિતી બાળકોને

હોય છે. ટૂંકા વિડીયો હોવાથી અને બાળકો પોતે તેમાં સામેલ થયા હોવાથી 100 ટકા માહિતી યાદ રાખી શક્યા. અપેક્ષિત અધ્યયન નિષ્પતિઓ 80% સિદ્ધ થઈ શકી છે.

## નવતર પ્રયોગનું પરિણામ :

આ નવતર પ્રયોગ થકી બાળકો રસ પૂર્વક વીડિયોઝ જોતા થયા, ઘણા વિડિઓમા પોતે સામેલ હોવાથી જોડકણા વાર્તા વગેરે જલ્દીથી યાદ રાખી શક્યા છે. AI જનરેટેડ વિડિયોઝ બાળકોના શિક્ષણને વધુ આકર્ષક અને ઇન્ટરેક્ટિવ બન્યુ. બાળકોની સમજણમાં વધારો થયો છે

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

હાલ આ નવતર પ્રયોગ શાળામાં ચાલુ છે અને સમયાંનુસાર જરૂરી કઠિન મુદ્દાઓને અનુલક્ષીને શોર્ટ વિડીયો બનાવવામાં આવી રહ્યા છે.

## ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QR કોડ :

- https://www.youtube.com/watch?v=qUKf7mmW91s
- https://www.youtube.com/watch?v=pfhsfyPWuLo
- https://www.youtube.com/watch?v=1v5bueh4rbI











AI ટેકનોલોજી દ્વારા બનેલી તસ્વીરો, જેને બોલતી કરી શકાય છે.

# પ્રયોગો દ્વારા વિજ્ઞાન શિક્ષણ



ઇનોવેટરનું નામ : ચનીયારા મનીષ અમૃતલાલ

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી મેલાણ પ્રા. શાળા, તાલુકો : જામજોધપુર

મોબાઈલ નંબર : 9879128126

વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગની કેટેગરી : વિષય વસ્તુ પેડાગોજી આધારીત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : જુલાઈ-૨૦૨૩ થી

## હેતુઓ :

1. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષયમાં રસ રૂચી વધે.
2. વિજ્ઞાનના પ્રોયોગ કરવાથી તેમની જીજ્ઞાસાવૃતિમાં વધારો થાય.
3. શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજીંદા જીવનમાં લાગુ કરે.

## અમલીકરણ વ્યુહ રચના :

GCERT ના ૨૦૨૩ ના અભ્યાસક્રમ મુજબ ધોરણ-6 માં વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં આવતા દરેક એકમોમાં આવતા પ્રયોગો વિષયક માહિતી એકઠી કરી

- જે તે પ્રયોગો માટેની સામગ્રી માટે અલગ અલગ પાઠ મુજબ બોક્સ તૈયાર કર્યું.
- જયારે પણ તે પાઠ ચલાવવામાં આવે અને તે પાઠનો પ્રયોગ કરવાનો હોય ત્યારે સીધાજ બોક્સમાંથી તેના સાધનો મેળવી પ્રયોગ કરી શકાય.

## ઉપયોગિતા :

- પ્રયોગો દ્વારા વિજ્ઞાન શીખવાથી દરેક વિદ્યાર્થીની સર્જનાત્મકતા વિકસે છે.
- રિશેષ તેમજ નવરાશના સમયે બાળકો દ્વારા અસરકારક ઉપયોગ
- વિજ્ઞાન પ્રત્યે રસ અને રૂચી જાગૃત થાય.
- શાળાએ નિયમિત આવતા થાય.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

- જાતે પ્રયોગ કરવાથી તેમનામાં પ્રશ્નો પૂછવાની આદત કેળવાય છે.
- આ નવતર પ્રયોગ પહેલા વિદ્યાર્થીઓની સંકલ્પનાની સમજ એવરેજ હતી. પરંતુ પ્રયોગો દ્વારા શીખવાથી તેમની સંકલ્પનાની સમજમાં ખુબજ વધારો થયો છે.

## નવતર પ્રયોગનું પરિણામ

- શાળામાં વિદ્યાર્થીઓની હાજરીમાં વધારો થયો.
- વિજ્ઞાન પ્રત્યે રસ, રુચિ વધી.
- વિદ્યાર્થી જાતે પ્રયોગ કરી તારણ મેળવે છે.

- વર્ગમાં પહેલા કરતા વધુ વિદ્યાર્થીઓ પ્રશ્નોના જવાબ આપતા થયા છે.
- એકમ કસોટી નોટબૂકમાં પણ પ્રશ્નોના  જવાબો સારી રીતે લખે છે.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

- શાળામાંનવતર પ્રયોગ ચાલુ જ છે. અને આગળના ધોરણોમાં પણ પ્રયોગો દ્વારા વિજ્ઞાનનું શિક્ષણ ચાલુ જ છે
- વિદ્યાર્થીઓ સામેથી કહે છે કે પ્રયોગો કરવાની અમને ખુબજ મજા આવે છે અને સહેલાઇથી યાદ પણ રહી જાય છે.

## ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QR કોડ



# S.S.Game zone



ઇનોવેટરનું નામ : દિપ્તી દિપેશ નથવાણી

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી કન્યા વિદ્યાલય 1, સિક્કા, તાલુકો: જામનગર

મોબાઈલ નંબર : 9328106656

વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગનું ક્ષેત્ર : વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરેલ છે : જુલાઈ 2022 થી

## હેતુઓ :

- વિદ્યાર્થીઓ રમતા રમતા સામાજિક વિજ્ઞાન વિષયમાં કઠિન લાગતા મુદ્દાઓ સરળતાથી સમજી શકે અને રમતા રમતા વિષય વસ્તુમાં જાતે જ નિપુણ બને.
- વિદ્યાર્થીઓની એકાગ્રતા વધે તેમજ આત્મવિશ્વાસમાં વધારો થાય.
- અધ્યયન નિષ્પતિના પરિણામમાં રહેતી કચાશ દૂર થાય અને અધ્યયન નિષ્પત્તિ સહજતાથી સિદ્ધ થઈ શકે.

## અમલીકરણ અને વ્યૂહરચના :

- સૌપ્રથમ ધોરણ 6 ના 20 બાળકો પસંદ કર્યા. આ વિદ્યાર્થીઓની નિષ્પતિ આધારિત પ્રી ટેસ્ટ લેવામાં આવી હતી.
- પ્રી ટેસ્ટ ના પરિણામને આધારે બાળકોને કઠિન લાગતા મુદ્દાઓને અલગ પાડવામાં આવ્યા.
- કઠિન લાગતી અધ્યયન નિષ્પતિ ને આધારિત કઈ કઈ રમતો બનાવી શકાય તેની યાદી તૈયાર કરી.
- જુના નકામા પુઠા તેમજ કાગળને ભેગા કરી વિદ્યાર્થીઓને રસ પડે તેવી સાપસીડી, આગળ પાછળ ખસો, આગળ વધો, ભારતને જાણીએ, જંગલોને જાણીએ તેમજ અલગ અલગ પ્રકારની રમતો વિદ્યાર્થીઓની મદદથી બનાવી.
- વિદ્યાર્થીઓ ક્લાસમાં જાતે અભ્યાસને લગતી રમતો લઈ શકે અને જાતે રમી શકે એવી વ્યવસ્થા કરી.
- અધ્યયન નિષ્પત્તિ ને આવરતા અમુક તોરણ તેમજ ઝૂમરો બનાવ્યા જેથી વિદ્યાર્થીઓ ક્લાસમાં વિદ્યાર્થીઓની નજર સામે રાખીને કઠિન મુદ્દાઓને સરળતાથી યાદરાખી શકે.
- નવતર પ્રયોગ બાદ એક પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી અને પ્રી ટેસ્ટ તથા પોસ્ટ ટેસ્ટ ના પરિણામની તુલના કરવામાં આવી.

## નવતર પ્રયોગની ઉપયોગિતા :

- આ નવતર પ્રયોગની મદદથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનો વધારો થાય છે તેમજ વિષયવસ્તુ ને સરળતાથી સમજી શકે છે અને અધ્યયન નિષ્પત્તિ પણ સહજતાથી સિદ્ધ થઈ શકે છે.
- સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓ નિપુણ બને છે તેમજ અઘરા લાગતા મુદ્દાઓ સરળતાથી રમતા રમતા શીખી શકે છે.
- બાળકોને કઠિન લાગતા મુદ્દાઓ સરળતાથી સમજાવી શકાય છે.

➢ બિન ખર્ચાળ એવી આ રમતો દ્વારા બાળકો સામાજિક વિજ્ઞાન વિષયના કઠિન મુદ્દાઓનો અભ્યાસ સરળતાથી કરી શકે છે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

➢ આ નવતર પ્રયોગ કર્યા પહેલા અધ્યયન નિષ્પત્તિ આધારિત પ્રી ટેસ્ટ લેવામાં આવી.

➢ ત્યારબાદ દરેક અધ્યયન નિષ્પત્તિ અને કઠિન મુદ્દાને આવરી લેતા ઝૂમરો દ્વારા રમતા રમતા વિદ્યાર્થીઓને અભ્યાસ લગતી માહિતી સમજાવી ને S. S. Game zone ની રમતો રમાડવામાં આવી

➢ નવતર પ્રયોગના અંતે પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી.

➢ પ્રી ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટની તુલના કરતા વિદ્યાર્થીઓના પરિણામમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો.

## નવતર પ્રયોગનું પરિણામ :

➢ અધ્યયન નિષ્પતિ સરળતાથી સિદ્ધ થઇ શકી.

➢ આ નવતર પ્રયોગની મદદથી વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો થયો સાથે સાથે અધ્યયન નિષ્પત્તિ પણ સરળતાથી સિદ્ધ થઇ શકી.

➢ વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયમાં રસ વધ્યો તેમજ તેમના કઠિન મુદ્દાઓની સમજ રમતા રમતા મેળવવાની ક્ષમતામાં વધારો થયો.

## નવતર પ્રયોગ ની વર્તમાન સ્થિતિ :

➢ નવતર પ્રયોગમાં બનાવેલ રમતો તેમજ ઝૂમર, તોરણો તેમજ રમતો સામાજિક વિજ્ઞાન વર્ગખંડમાં લગાવેલ છે.

➢ નવતર પ્રયોગ પૂર્ણ થઈ ગયેલ છે અને તેમાં ખુબ સારુ પરિણામ પ્રાપ્ત થયેલ છે.

➢ આ નવતર પ્રયોગની સફળતાને લીધે બાકીના એકમોમાં આવતી અધ્યયન નિષ્પતિઓ આધારિત નવી રમતો બનાવવાનું કાર્ય ચાલુ છે.

## ફોટોગ્રાફ / લિંક / QR કોડ :

https://youtu.be/jYLLxQI73jA?si=8CH456TAdYK4EGt0



# મારો દિવસ, મારો મહિમા



ઇનોવેટરનું નામ : ઝાલા રાજેન્દ્રસિંહ પ્રતાપસિંહ

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી બાઘલા પ્રાથમિક શાળા, તાલુકો : લાલપુર

મોબાઈલ નંબર : 9099397144 / 9913172830

વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગનું ક્ષેત્ર : સહાભ્યાસીક પ્રવૃતિઓ

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : 1-1-2023

## હેતુઓ :

- બાળકો દેશનેતાઓ, વૈજ્ઞાનિકો, લેખકો, કવિઓ વિશે માહિતી જાણી શકે.
- બાળકોને તહેવારો વિશેની માહિતી મળી રહે.
- બાળકોના સામાન્યજ્ઞાનનો વિકાસ થાય.

## અમલીકરણ વ્યુહ રચના :

આ નવતર પ્રયોગ બાળકોને પ્રાર્થનાસભામાં દિનવિશેષ મહિમા વિશેની માહિતી આપવા માટે ઘણો જ ઉપયોગી હોવાથી બાળકો નવીન માહિતી શીખવા તત્પર બને છે. પ્રાર્થના સભામાં માહિતી આપવાની હોવાથી બાળકો પ્રાર્થનાસભાની કાગડોળે રાહ જોતા હોય છે. આ નવતર પ્રયોગ Whatsapના માધ્યમથી જુદા જુદા Whatsap ગ્રુપમાં Share કરવામાં આવે છે. જેથી અન્ય શાળાના બાળકો પણ આ નવતર પ્રયોગનો લાભ લઇ શકે. Whatsap ગ્રુપમાં PDF મોકલવામાં આવે છે. જેમાં મોબાઈલના ઉપયોગથી QR Code ને ટચ કરીને તેનો વિડિયો જોઈ શકે છે. QR Codeને ટચ કરવાથી ઓનલાઇન ક્વિઝ આપવામાં આવે છે. PDF વાંચ્યા બાદ નીચે દસ પ્રશ્નો આપેલા હોય છે એના જવાબ આપવાના હોય છે. આ નવતર પ્રયોગનો લાભ ગુજરાતના 33 જિલ્લાની ઘણીબધી શાળાઓ લાભ રહી છે.

## ઉપયોગિતા :

- બાળકોને પ્રિન્ટ કરીને આપી શકાય.
- અન્ય શાળાના શિક્ષકો અને બાળકો પણ પ્રિન્ટ કરીને ઉપયોગ કરી શકે છે.
- બાળકો રીશેષના સમયનો સદુપયોગ કરી શકે છે.
- બાળકો પોતાના અનુકૂળ સમયે વાંચી શકે છે.
- શાળાના નોટીશ બોર્ડ પર લગાવી શકાય, જેથી બાળકો તેમના અનુકૂળ સમયમાં વાંચી શકે છે.


## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

આ નવતર પ્રયોગનું મુલ્યાંકન ધોરણ 3 થી 8 ના બાળકોને મૌખિક પ્રશ્નો પૂછીને તેમજ 50 ગુણના MCQ ની ટેસ્ટ લઈને કરવામાં આવ્યું જેમાં 50 બાળકોને સામેલ કરવામાં આવ્યા હતા.

| ધોરણ | 3 | 4 | 5 | 6 | 7 | 8 | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| સંખ્યા | 5 | 5 | 20 | 5 | 7 | 8 | 50 |

## નવતર પ્રયોગનું પરિણામ :

બાળકનો વાંચન અને લેખનનો પાયો મજબૂત હશે તો, તેના ઉપર શિક્ષણની ઈમારત ચણી શકાશે. આ પ્રયોગના પરિણામના અંતે **80 %** થી વધુ ગુણ મેળવનાર બાળકોની પ્રગતિ જોઈ શકાય છે.




## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

હાલની સ્થિતિએ આ પ્રયોગ ચાલુ છે, વિવિધ શાળાઓમથી વિદ્યાર્થીઓએ લાભ લઈ રહ્યા છે.

## ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QRકોડ







# Science Toys


ઇનોવેટરનું નામ : સાંગાણી રેશ્માબેન ગોકળભાઈ

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી સમાણા તાલુકા શાળા, તાલુકો : જામજોધપુર

મોબાઈલ નંબર : 9979864417

વિભાગ : પ્રાથમિક




નવતર પ્રયોગનું ક્ષેત્ર : વિષય વસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : જાન્યુઆરી 2023

## હેતુઓ :

- વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષય પ્રત્યે રસ અને રૂચી કેળવાય.
- વિદ્યાર્થીઓ જાતે પ્રયોગ કરતા શીખે.
- પોતાની આસપાસ મળતી વસ્તુઓ માંથી બનતા વૈજ્ઞાનિક રમકડા દ્વારા વૈજ્ઞાનિક સિદ્ધાંતો ને ઓળખે.

## અમલીકરણ વ્યુહ રચના :

ધોરણ 6 થી 8 ના બાળકોને વિજ્ઞાન વિષય પ્રત્યે રસ અને રુચિ કેળવાય તે માટે કેટલાક વૈજ્ઞાનિક રમકડાઓ બનાવવામાં આવ્યા તેઓને પોતાની આસપાસની વસ્તુઓ માંથી બનતા રમકડા વિશે માહિતી આપવામાં આવી ત્યારબાદ વિદ્યાર્થીઓ જાતે રમકડા બનાવી પ્રાર્થના સભામાં રજૂ કરતા હતા. ત્યારબાદ પ્રાર્થના સભામાં તેની રજૂઆત કરવામાં આવતી હતી. ત્યારબાદ તે કયા વૈજ્ઞાનિક સિદ્ધાંતો પર કાર્ય કરે છે તેની પણ ચર્ચા કરવામાં આવતી હતી. બાળકો ઘણી વખત રિસેસના સમયે પણ આવા સાધનો બનાવતા હતા. youtube ની ચેનલ મારફત પણ બાળકો નમુના જોઈ અને નવા નવા નમુનાઓ બનાવવા લાગ્યા.

## ઉપયોગિતા :

આ રમકડા આપણી આસપાસ મળતી નકામી વસ્તુઓમાંથી બનાવવામાં આવ્યા હતા, જેથી ખર્ચ પણ ન થાય અને બાળકને રમત પણ થાય. બાળકો આ રમકડા નાના બેન ભાઈ ને પણ બનાવી આપતા હતા. રમતની સાથે સાથે વિજ્ઞાન વિષયનું જ્ઞાન પણ મેળવતા હતા.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

ધોરણ 6 થી 8 ના 80% બાળકો આવા રમકડા બનાવે છે. જ્યારે એકમ કસોટી કે સત્રાંત પરીક્ષામાં આકૃતિ કે પ્રયોગનો પ્રશ્ન આવે ત્યારે બાળકો સવિસ્તાર તેનું વર્ણન કરી શકે છે પ્રયોગ પોતાની જાતે કરેલ હોવાથી તેમને પદ્ધતિ લખવામાં તકલીફ પડતી નથી.

## નવતર પ્રયોગનું પરિણામ :

- ધોરણ છ ના 90% બાળકો પ્રયોગ જાતે કરતા શીખ્યા
- ધોરણ સાત ના 85 ટકા બાળકો પ્રયોગ જાતે કરતા શીખ્યા
- ધોરણ 8 ના 85% બાળકો પ્રયોગ જાતે કરતા શીખ્યા.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

**નવતર પ્રયોગ હજી ચાલુ છે.**

## ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QRકોડ





# જિંદગીની જડીબુટ્ટી ઔષધ પ્રદર્શન



ઇનોવેટરનું નામ : રાઠોડ કનૈયાભાઇ ટી.

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી વાંકીયા પ્રાથમિક શાળા, તાલુકો : ધ્રોલ

મોબાઈલ નં. : 9427978062

વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગનું ક્ષેત્ર : સહ અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગિણ વિકાસ

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવાની આવી છે? : 2022

## હેતુઓ :

1) બાળકો ઔષધિ વનસ્પતિને ઓળખે.
2) બાળકો રોગો સામે ઔષધ વનસ્પતિનો ઉપયોગ કરતાં થાય.
3) બાળકો ઘર આંગણે ઔષધ બગીચો બનાવે.

## અમલીકરણમાં વ્યુહરચના :

પ્રસ્તુત નવતર પ્રયોગોમાં અમે બાળકો ઔષધો વિશે સમજે અને તેનો ઉપયોગ કરતાં થાય તે હેતુને ધ્યાનમાં રાખેલ છે. અમે આ પ્રોજેકટ "જિંદગીની જડીબુટ્ટી ઔષધ"ના નામે રજૂ કરીએ છીએ. બાળકોને આપણી આજુબાજુંમાં જે વનસ્પતિ થાય છે. તેનાથી તે ખૂબ જ અજાણ હતા તેમણે એ ખ્યાલ હોતો નથી કે આ વનસ્પતિ આપણને કેવી રીતે ઉપયોગી છે. અને તે મોટા મોટા રોગો સામે દવા તરીકે ઉપયોગમાં આવે છે. તે બાળકોને ખ્યાલ હતો નહીં તેથી બાળકો આપણી આજુબાજુંથી ખૂબ જ સારી રીતે જે વનસ્પતિ મળે છે તેનો ક્યાં રોગ સામે દવા તરીકે ઉપયોગ કરી શકાય તેનાથી માહિતગાર થાય તે માટે અને આ પ્રોજેકટ રજૂ કરેલ છે. જેમાં અમે શાળામાં એક "જિંદગીની જડીબુટ્ટી ઔષધ" ના નામે એક કોર્નર ઊભો કરેલ છે. જેમાં બાળકોને ઔષધોના ઉપયોગનો ખ્યાલ મેળવે તે માટે 100 જેટલી ઔષધના ફોટો એકઠા કરેલ હતા અને તે ઔષધ ક્યાં રોગમાં ઉપયોગ કરી શકાય અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગેની સંપૂર્ણ માહિતીમાં વસુંધરાની વનસ્પતિ ભાગ – 1 થી 4 માંથી મેળવી તેના સારાંશરૂપે રજૂ કરેલ જેથી બાળકોને તે ઔષધિ વિશે ખ્યાલ આવે આ પ્રોજેકટમાં મેં ઔષધના નામ, ઔષધનો ક્યાં રોગમાં ઉપયોગ અને તે ઔષધ ક્યાથી મળે તેની સંપૂર્ણ માહિતી અહિ રજૂ કરેલ છે. અને તેની નીચે તે ઔષધના ફોટાઓ, ફોટાઓની નીચે તે ભૌતિક ઔષધ રજૂ કરેલ છે. જેથી બાળકો તે ઔષધને જુએ અને તેનો ફોટો જોવે અને તેના ઉપયોગ વિશે સમજે અને ક્યાથી મળે તેના વિશે જાણે એટલે આવો એક કોર્નર અમારી શાળામાં "જિંદગીની જડીબુટ્ટી ઔષધ"ના નામે ઊભો કરેલ છે. જેની બાળકો રિશેષ કે પોતાના ફ્રી સમયમાં મુલાકાત લઈ આ ઔષધિ વિશે માહિતી મેળવે છે.

## ઉપયોગિતા :

- બાળકોને રોગ સામે કઈ ઔષધ દવા તરીકે ઉપયોગી છે તેનો ખ્યાલ આવે છે.
- બાળકો વનસ્પતિ જોતાં જ તે કયું ઔષધ છે અને ક્યાં રોગમાં ઉપયોગી છે તેનો ખ્યાલ મેળવે છે.
- બાળકો ઔષધબાગ બનાવતા થયા છે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

અમે આ 'જિંદગીની જડીબુટ્ટી ઔષધ' નામના પ્રોજેક્ટ હેઠળ પ્રદર્શન રાખેલ હતું. અમે તેનું મૂલ્યાંકન કરેલ તો ધોરણ 5 થી 8 ના તમામ બાળકોને ઔષધનું જ્ઞાન મળેલ હતું અને બાળકો હવે સામાન્ય તાવ હોય, ઉધરસ હોય, શરદી હોય તો તે બાબતે દવાઓનો ઉપયોગ ઓછો કરી ઔષધનો ઉપયોગ કરતાં થયા હતા. અને ઘરે પણ ઔષધ વિશે માતા પિતા તથા આજુબાજુમાં પ્રચાર કરતાં થયા હતા. લોકોને ઔષધનું મહત્વ સમજાવતા થયા હતા. શાળામાં અને ઘરે ઔષધ બાગ બનાવતા જોવા મળેલ હતા અને ઔષધિ વનસ્પતિનો વધારે પ્રમાણે પોતાના જીવનમાં ઉપયોગ કરતાં થયા છે.

## નવતર પ્રયોગનું પરિણામ :

નવતર પ્રયોગના પરિણામે શાળાના 90% બાળકો ઘરે તુલસી, અરડૂસી, એલોવેરા જેવી ઔષધિ વનસ્પતિનો ઘર આંગણે ઉછેર કરતાં જોવા મળે છે. અને આ ઔષધનો ઉપયોગ પોતાના માટે અને આજુબાજુંના લોકો માટે પણ કરતાં જોવા મળેલ છે. અને આ ઔષધનો ઉપયોગ રોગો સામે દવા તરીકે કરતાં થયેલ છે. જેના કારણે એલોપેથિક દવાઓનો ઉપયોગ ઘટ્યો છે. બાળકો જાતે શાળામાં ઔષધનો ઉકાળો બનાવી વાતાવરણને અનુકૂળ સમયાંતરે શાળાના બાળકોને પીવડાવે છે.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

આ નવતર પ્રયોગના કારણે આજે બાળકોમાં ઔષધ વનસ્પતિ પ્રત્યેની જાગૃતતા વધી છે. બાળકોમાં ઔષધ કેટલી ઉપયોગી છે અને તેમાં કેટલી ગુણવતા રહેલી છે તેનો ખ્યાલ બાળકોમાં જોવા મળ્યો છે. જે મોટા મોટા રોગો જેવાકે કેન્સર, લિવરના રોગો, ફેફસાના રોગો એલોપેથિક દવાઓથી મટી શકતા નથી તે રોગો આજે ઔષધનો ઉપયોગ કરવાથી જડ મૂળથી નાબૂદ થાય જાય છે તેવું જોવા મળ્યું છે. અને બાળકોમાં આપણી આજુબાજું જોવા મળતી વનસ્પતિમાં જેના વિશે આપણને કોઈ જ્ઞાન ન હતું તેનું જ્ઞાન મળેલ છે.

## ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QRકોડ

વધારે ઔષધની માહિતી માટે આ qr કોડ સ્કેન કરો.

# "જ્ઞાન પાટીયું" મારુ વહાલું પાટીયું



ઇનોવેટરનું નામ : જીયાણી આશાબેન કનુભાઇ

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી સેતાલુસ પ્રાથમિક શાળા, તાલુકો : લાલપુર

મોબાઈલ નંબર : 9879468090

વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગની કેટેગરી : સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ, મૂલ્ય શિક્ષણ

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : 7 માસ

## હેતુઓ :

- પ્રવૃત્તિ દ્વારા શિક્ષણથી બાળકો રસ રૂચી વધુ કેળવતા થાય.
- પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં સર્જનાત્મકતાનો વિકાસ કરવો.
- પ્રવૃત્તિ દ્વારા શિક્ષણથી નિયમિતતામા વધારો થવો તેમજ ડ્રોપઆઉટ રેશીયો ઘટવો.
- બાળકોમાં મૌખિક લેખિત અભિવ્યક્તિનો વિકાસ કરવો.

## અમલીકરણ વ્યુહરચના :

કોરોના જેવી વૈશ્વિક મહામારીની સૌથી મોટી જો અસર કોઈના પર થઈ હોય તો એ બાળકોના શિક્ષણ પર જોવા મળી. આજના સ્પર્ધાત્મક યુગમાં ટકી રહેવા માટે બાળકોમાં સામાન્ય જ્ઞાન જરૂરી છે. સાથે સાથે મૂલ્ય શિક્ષણ પણ એટલું જ મહત્વનું છે. NEP 2020 માં પ્રકરણ 20 અને પ્રકરણ 21 માં જાતજાતના અનુભવ દ્વારા શિક્ષણ અને રમત દ્વારા શિક્ષણની વાત કરવામાં આવી છે. તે સાથે ધોરણ 5 થી 8ના બાળકોને જ્ઞાનમાં વધારો થાય કોયડા ઉકેલ દ્વારા તેમની અંદર સર્જનાત્મકતાનો વિકાસ થાય સાથે સાથે સારા વિચારો દ્વારા તેમનામાં મૂલ્યોનું સિંચન થાય તે હેતુથી વર્ગના સૌથી શ્રેષ્ઠ સાથીદાર એવા કાળાપાટિયા પર નવતર પ્રયોગની શરૂઆત કરવામાં આવી. દરરોજ પાટિયા પર મૂલ્યલક્ષી સુવિચારો, ભાષા જ્ઞાનવૃદ્ધિ માટે ચાર ભાષાના શબ્દો, સર્જનાત્મકતા વિકસાવવા કોયડા ઉકેલ, સામાન્ય જ્ઞાનને લગતા પ્રશ્નો, આરોગ્યની ચાવી જેવી તમામ બાબતોને કંડારવામાં આવી અને બાળકો સામે ખુલ્લી મુકવામાં આવી.

## ઉપયોગીતા :

- આ નવાચારથી બાળકોની જિજ્ઞાસાવૃત્તિમાં વધારો જોવા મળ્યો.
- પરસ્પર લોક ભાગીદારીથી વર્ગ વ્યવહાર આકર્ષક અને મૂલ્યોનો વિકાસ થતો જોવા મળ્યો.
- વિદ્યાર્થીઓના સરેરાશ ગુણ અને લર્નિંગ આઉટકમ્સમાં પણ સુધારો જોવા મળ્યો.
- જામનગર જિલ્લાની ચાર શાળા તેમજ અન્ય સાત જિલ્લાની શાળાના 100 થી વધુ શિક્ષકો તેમજ 2000થી વધુ બાળકો લાભાન્વીત થયા.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

ઉપર્યુક્ત નવતર પ્રવૃત્તિઓની અસરકારકતા જાણવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી બાળકોનો ગૂગલ ફોર્મ દ્વારા પ્રી ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી અને લેખન નવતર પ્રયોગની અસરકારકતા ચકાસવામાં આવી.

## નવતર પ્રયોગનું પરિણામ :

- બાળકોનું ચાર ભાષાનું શબ્દભંડોળ વધ્યું.
- જિજ્ઞાસા વૃત્તિમાં વધારો જોવા મળ્યો.
- કોયડા જેવી લેખન પ્રવૃત્તિથી તર્ક શક્તિને ખિલવવાનો અવકાશ મળ્યો.
- સામાન્ય જ્ઞાનના પ્રશ્નોથી તેમના સામાન્ય જ્ઞાનમાં વધારો જોવા મળ્યો.
- તેના આંકડાકીય પરિણામ પૂર્વ અને ઉત્તર મૂલ્યાંકન કસોટીના આધારે 30 ટકા જેટલો ગુણાંકન ફેરફાર જોવા મળ્યો.
- વાંચન લેખન કૌશલ્યને પણ વિકસાવવાની તક મળી
- તેના 7 મહિનાના અમલીકરણ બાદ પોસ્ટ ટેસ્ટ દ્વારા મુલ્યાંકન કરતા જે નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો તે સરાસરી રૂપે ધોરણ પ્રમાણે નીચે મુજબ છે.

| ધોરણ | પ્રી ટેસ્ટના ગુણની સરાસરી | પોસ્ટ ટેસ્ટના ગુણની સરાસરી | બન્ને વચ્ચે જોવા મળેલ તફાવત |
|---|---|---|---|
| 5 | 4.35 | 7.69 | 3.34 |
| 6 | 7.54 | 10.00 | 2.46 |
| 7 | 5.58 | 8.81 | 3.23 |
| 8 | 1.77 | 2.50 | 0.73 |
| કુલ તફાવત | 19.24 | 29.00 | 9.76 |

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

ઉપર્યુક્ત લેખન નવતર પ્રયોગ હાલ ચાલુ જ છે અને ખૂબ સારું પરિણામ મળે છે.તેમજ આ લેખન નવતર પ્રયોગથી પ્રેરાઈને બાળકો અવનવા કોયડા અને સામાન્ય જ્ઞાનના પ્રશ્નોની જાતે પણ સંગ્રહપોથી બનાવતા થયા છે.બાળકોને અવિરત આ લેખન નવતર પ્રયોગનો લાભ મળી રહ્યો છે અને હંમેશા શરૂ રહેશે

## ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QR કોડ

https://youtu.be/NMXiW2FAjtU?si=SZPuYtOKIHtgL6h8

# હું તો પ્રયોગ કરીશ જ 2.0

ઇનોવેટરનું નામ : ધારવિયા દિપક લાલજીભાઈ
હોદ્દો : મદદનીશ શિક્ષક
શાળાનું નામ : શ્રી ખીજડિયા પ્રાથમિક શાળા, તાલુકો : જામનગર
મોબાઈલ નંબર : 9898296367
વિભાગ : પ્રાથમિક
નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત
નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : જુલાઈ 2022 થી



## હેતુઓ :

- દરેક બાળકને વ્યક્તિગત પ્રાયોગિક કાર્ય કરવાની તક મળે.
- જાતે પ્રયોગ કરી તારણ મેળવે.
- ઘટનાને કારણ સાથે જોડે,રોજીંદા જીવનમાં બનતી ઘટનાઓ પાછળનું વૈજ્ઞાનિક કારણ જાતે તારવે.
- શિખેલું જ્ઞાન પોતાના વ્યવહારિક જીવનમાં ઉપયોગ કરે. આજીવન યાદ રાખે.

## અમલીકરણ વ્યુહ રચના :

- ગત વર્ષે પ્રાયોગિક તબક્કે ધોરણ 6 ના અગત્યના પ્રયોગની pdf તૈયાર કરી.
- ચાલુ વર્ષે ધોરણ 7 અને 8 ના પ્રથમ સત્રના પ્રયોગો તૈયાર કરવામાં આવ્યા.
- એ પ્રયોગને લગતી તમામ સામગ્રી એક પેટીમાં મૂકી.ટૂંકમાં જે તે પ્રયોગ માટેની પ્રયોગ પેટી તૈયાર કરી.
- પ્રયોગપેટી પર તે પ્રયોગને રજૂ કરતો યુ ટ્યુબ વીડિયો માટેનો QR કોડ મુક્યો.
- અલગ અલગ બાળક આ પ્રયોગ પેટી તેના ઘેર લઈ જાય , કોડ સ્કેન કરે , પ્રયોગ જોવે અને પછી પ્રયોગ કરે.
- ઘેર પોતાના વાલી કે અન્ય કોઈપણ સભ્યની મદદથી પ્રયોગ કરે.

## ઉપયોગિતા :

- આ પ્રયોગ પેટીની મદદથી દરેક બાળકને દરેક પ્રયોગ કરવાનો મોકો મળે છે.
- તેની હેર ફેર પણ ખુબ જ સરળતાથી કરી શકાય છે.
- પેટી નાની હોવાથી તેની સાચવણ સેહલી છે.
- અન્ય કોઇ શાળાનાં બાળકો પણ આ પ્રયોગ પેટીનો ઉપયોગ કરી શકે છે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

- પ્રયોગને લગતા કારણો અને પ્રશ્નોતરી આપવામાં આવે છે અને તે જાતે ઉકેલવાનો પ્રયત્ન કરે છે.
- બાળકે ઘેર કરેલ પ્રયોગની વર્ગમાં મૌખિક પ્રશ્નોતરી કરવામાં આવે છે.

- તેણે કરેલ પ્રયોગ તેની બુકમાં લખાવવામાં આવે છે અને તે અંગેની સમજુતી તે પોતે આપે છે.

## નવતર પ્રયોગનું પરિણામ :

- દરેક બાળક પ્રાયોગિક કાર્ય કરતો થયો.
- દરેક બાળકને પ્રાયોગિક કાર્ય કરવાની સમાન તક મળે છે.
- જાતે પ્રયોગ કરી તારણ મેળવે છે.
- વર્ગમાં પ્રશ્નોના જવાબ આપતા થયો છે.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

હાલ મારી આ નવતર પ્રાયોગિક પેટી (1) મારા દ્વારા સંચાલિત સાયન્સ સેન્ટર પર વિદ્યાર્થીઓ માટે અને (2) શાળાની સાયન્સ લેબમાં મુકીને વધુને વધુ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બને તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. (3) આવનારા સમયમાં આ જ રીતે ધોરણ 7 અને ધોરણ 8 ના બીજા સત્ર માટે પ્રાયોગિક પેટી તૈયાર કરીશ.

## ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QR કોડ










# ગણિત વાટિકા

ઇનોવેટરનું નામ : 1. ધમસાણિયા રમેશચંદ્ર એસ.
: 2. ધમસાણિયા ચંપકકુમાર ઓ.
હોદ્દો : મદદનીશ શિક્ષક
શાળાનું નામ : શ્રી નેસડા પ્રાથમિક શાળા, તાલુકો:- જોડિયા
શ્રી હડિયાણા કન્યા શાળા, તાલુકો:- જોડિયા
મોબાઈલ નંબર : 9909036490 / 9879087187
વિભાગ : પ્રાથમિક
નવતર પ્રયોગનું ક્ષેત્ર : વિષયવસ્તુ પેડાગોજી, શૈક્ષણિક મૂલ્યાંકન
નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે?:- વર્ષ: 2021

## હેતુઓ:-

- વિષયવસ્તુનો વધુ મહાવરો કરી શકે.
- વિષયવસ્તુનું દ્રઢિકરણ કરી શકે.
- Concept Clearity

## અમલીકરણની વ્યુહ રચના:

આ નવતરપ્રયોગ માટે સૌપ્રથમ ધોરણ 6 ના શ્રી નેસડા પ્રાથમિક શાળાના 26 બાળકો તથા શ્રી હડિયાણા કન્યા શાળાના 30 બાળકો એમ કુલ 56 બાળકોની પસંદગી કરવામાં આવી.સૌ પ્રથમ આ બાળકોને ગણિત વિષયના પ્રકરણ સંખ્યા સાથે રમત ના એક મુદ્દા ગુ.સા.અ.અને લ.સા.અ.ની પસંદગી કરવામાં આવી અને તેની પ્રિ-ટેસ્ટ લેવામાં આવી.જેમાં બાળકોને સમજૂતી પ્રમાણે માર્ક મળ્યા નહીં, આ અંતર્ગત બાળકોને ગણિત વાટિકા સ્વરૂપે દ્રઢિકરણ માટેના દાખલાઓ આપવામાં આવ્યા અને ત્યારબાદ આ જ મુદ્દાની પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી.

## ઉપયોગીતા:

આ પુસ્તકમાં ધોરણ 6ના તમામ પ્રકરણોની તમામ અધ્યયન નિષ્પતિ માટે વિવિધ દાખલોઓની સમજૂતી તેમજ દ્રઢીકરણ માટે પૂરતો અવકાશ આપવામાં આવેલ હોવાથી ધોરણ 6ની તમામ અધ્યયન નિષ્પતિઓને સિધ્ધ કરી શકાય છે.

## મૂલ્યાંકન:

આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન આપણે આપણે વિવિધ એકમ કસોટીઓ કે રચનાત્મક મૂલ્યાંકન દ્વારા કરી શકીએ છીએ.

## નવતર પ્રયોગનું પરિણામ:-

સમગ્ર વર્ષ દરમ્યાન જે બાળકોએ નિયમિત સ્વરૂપે ગણિત વાટિકા બુકનો ઉપયોગ કરેલ છે તેવા બાળકોમાં અધ્યયન નિષ્પતિ સિધ્ધિ જણાયેલ છે.

| ક્રમ | શાળાનું નામ | ધોરણ 6 ના બાળકોની સંખ્યા | પ્રિ ટેસ્ટ પરિણામ (%) | પોસ્ટ ટેસ્ટ પરિણામ (%) |
|---|---|---|---|---|
| 1 | શ્રી નેસડા પ્રાથમિક શાળા | 26 | 42% | 75% |
| 2 | શ્રી હડિયાણા કન્યા શાળા | 30 | 47% | 77% |

## નવતર પ્રયોગની હાલની સ્થિતિ :

હાલ શાળા કક્ષાએ આ બુકનો ઉપયોગ ધોરણ 6ના બાળકો કરી રહ્યા છે.

## ફોટોગ્રાફ/વિડીયો લિન્ક/QR કોડ:





# Language Corner 2.0



ઇનોવેટરનું નામ : બારૈયા દેવાંગીબેન એમ.

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી હડિયાણા કન્યા શાળા, તાલુકો:- જોડિયા

મોબાઈલ નંબર : 9429272564

વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગનું ક્ષેત્ર : વિષયવસ્તુ પેડાગોજી, સહભ્યાસીક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે?: વર્ષ: 2013

## હેતુઓ :

- વિવિધ રમતો દ્વારા બાળકોને ભાષા વિષયમાં રસ દાખવતા કરવા.
- ગુજરાતી વ્યાકરણના વિવિધ મુદ્દાઓને રમતા રમતા મહાવરો કરાવવા માટે.
- બૌદ્ધિક અને શારીરિક વિકાસ સાથે કરી શકાય તે માટે.
- વિવિધ શાળાના બાળકો તથા શિક્ષકોને ઉપયોગી થઈ શકાય.

## અમલીકરણની વ્યુહ રચના :

લેંગ્વેજ કોર્નર દ્વારા ભાષા નવતર પ્રયોગને અમલીકરણમાં મુકવા માટે ધોરણ 6 થી 8ના બાળકોની પસંદગી કરવામાં આવી.ધોરણ 8ના વર્ગખંડમાં લેંગ્વેજ કોર્નર વિભાગની અંદર દરેક રમતોને મૂકવામાં આવેલ છે.લેંગ્વેજ કોર્નર સમિતિ દ્વારા વિદ્યાર્થીઓ કોર્નર ચલાવે છે.રિસેસના સમય દરમિયાન ધોરણ 6 થી 8ના કોઈપણ બાળકો લેંગ્વેજ કોર્નર માંથી તેમને પસંદગીની રમતો લઈ ગ્રુપમાં બેસીને રમે છે.આ ઉપરાંત જ્યારે પણ વ્યાકરણ વિષય કોઈપણ મુદ્દાઓનું અધ્યયન કાર્ય પૂર્ણ થાય અને તેનો મહાવરો કે મૂલ્યાંકન કરવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે આ રમતોનો ઉપયોગ કરવામાં આવે છે.જેમ કે ધોરણ 6 માં સંજ્ઞાના પ્રકારોની સમજૂતી અધ્યયન મુદ્દો સ્પષ્ટ કરાવ્યા બાદ મહાવરાની ખૂબ જ જરૂરિયાત રહે છે. આથી સંજ્ઞાની રમત બાળકોને રમાડવામાં આવે છે.આવી રીતે રિસેસના સમયમાં બાળકો જાતે તેમ જ જ્યારે પણ કોઈપણ મુદ્દાના મહાવરાની જરૂર પડે ત્યારે રમતો દ્વારા રમતા રમતા બાળકોનું મૂલ્યાંકન પણ થઈ શકે છે.વર્ષ 2013/14 થી શરૂ કરાયેલ આ નવતર પ્રયોગમાં જે તે સમયે વિવિધ રમતોનો ઉમેરો પણ કરવામાં આવે છે.જરૂરિયાત લાગતા બાળક પોતાની જાતે પણ રમતો બનાવી શકે તેમ જ રમતો રમવા ના નિયમો જાણી શકે એ માટે માહિતી પુસ્તિકા પણ કોર્નરમાં મૂકવામાં આવેલ છે.

## ઉપયોગીતા :

ભાષા શિક્ષણને રસિક બનાવવા વ્યાકરણના વિવિધ કઠિન મુદ્દાઓનો વારંવાર મહાવરો કરાવવા માટે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થઈ શકે તે માટે વિવિધ શાળાના બાળકો અને શિક્ષકોને પણ લેંગ્વેજ કોર્નરનો લાભ મળી શકે એ માટે આ નવતર પ્રયોગ ખૂબ જ ઉપયોગી સાબિત થયેલ છે.

## મૂલ્યાંકન :

નવતર પ્રયોગનું મૂલ્યાંકન અધ્યયનના વિવિધ મુદ્દાઓને આધારિત જે તે સમયે કરવામાં આવે છે.જેમ કે એકમ કસોટીમાં આવતા વ્યાકરણના મુદ્દાઓ દરમિયાન લેંગ્વેજ કોર્નરની અસરકારકતાનું મૂલ્યાંકન થઈ શકે છે.સાથે સાથે દરેક રમતના અંતમાં કયા બાળકને કેટલું શીખવા મળ્યું તેનું મૂલ્યાંકન થતું રહે છે.લેંગ્વેજ કોર્નરની વિવિધ રમતોની અસરકારકતા તપાસવા માટે રમતો રમતા પહેલા સમયાંતરે પ્રિ ટેસ્ટ લેવામાં આવે છે,તેમજ રમતોના મહાવરા બાદ સમયાંતરે પોસ્ટ ટેસ્ટ લઈને પણ મૂલ્યાંકન કરવામાં આવે છે.

## નવતર પ્રયોગનું પરિણામ :

પ્રિટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટના આધારે નીચે મુજબના પરિણામ મળેલ છે.

| ક્રમ | શાળાનું નામ | ધોરણ 6 થી 8ના બાળકોની સંખ્યા | પ્રિ ટેસ્ટ પરિણામ (%) | પોસ્ટ ટેસ્ટ પરિણામ (%) |
|---|---|---|---|---|
| 1 | શ્રી હડિયાણા કન્યા શાળા | 50 | 58% | 74% |

## નવતર પ્રયોગની હાલની સ્થિતિ:-

2013/14 થી શરૂ કરાયેલા આ નવતર પ્રયોગ હજ પણ શાળામાં કાર્યરત છે.સમયાંતરે તેમાં વિવિધ ફેરફારો કરવામાં આવે છે.

## ફોટોગ્રાફ/વિડીયો લિન્ક/QR કોડ:-





# Magic Squre



ઇનોવેટર નું નામ : ભંડેરી હાર્દિક એન.

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી ભેંસદડ પ્રાથમિક શાળા, તાલુકો : ધ્રોલ

મોબાઈલ નંબર : 9662299364

વિભાગ : પ્રાથમિક વિભાગ

નવતર પ્રયોગનું ક્ષેત્ર : અભ્યાસક્રમ આધારિત મૂલ્ય શિક્ષણ

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : વર્ષ 2023 / 24

## હેતુઓ :

- બાળકો ગણિત વિષયમાં રસ ધરાવતા થાય.
- બાળકો ગણિત વિષયમાં રમતા રમતા સંખ્યાજ્ઞાન શીખે.
- બાળકો સંખ્યાઓને ઓળખે.
- બાળકો સંખ્યા ઓનો ઉપયોગ કરી એકી સંખ્યા, બેકી સંખ્યા, વિભાજ્ય સંખ્યા, અવિભાજ્ય સંખ્યા અને પૂર્ણવર્ગ જેવી સંખ્યાઓને ઓળખતા થાય.
- બાળકો વ્યવહારિક દ્રષ્ટિએ સંખ્યા નો ઉપયોગ કરતા થાય.

## અમલીકરણ વ્યુહ રચના :

પ્રસ્તુત નવતર પ્રયોગમાં બાળકો ગણિત વિષય પ્રત્યે રસ ધરાવતા થાય તેમ જ સંખ્યાઓ સમજી અને તેનો ઉપયોગ કરતા થાય તે હેતુને અમે ધ્યાનમાં રાખેલ છે. અમે આ પ્રોજેક્ટ મેજીક સ્ક્વેર ના નામે રજૂ કરીએ છીએ. બાળકોને પોતાના શૈક્ષણિક અભ્યાસમાં જુદી જુદી જગ્યાએ અટકેલ જોયા હતા. જેમ કે કોઈ બાળકનું સંખ્યાજ્ઞાન તેમ જ કોઈ બાળક સંખ્યા નો સિદ્ધાંત ઓળખતા ન હતા. બાળકો સંખ્યા ને ઓળખે અને તે તેનો વ્યવહારિક જીવનમાં ઉપયોગ કરે તે માટે અમે આ પ્રોજેક્ટ રજૂ કરેલ છે. આ પ્રોજેક્ટમાં અમે શાળામાં એક ટી.એલ.એમ. નું નિર્માણ કરેલ છે. જેના દ્વારા બાળકો ગાણિતિક સંખ્યાનું જ્ઞાન મેળવે તેમજ તેનો ઉપયોગ શૈક્ષણિક કાર્યમાં કરે છે. આ ટી.એલ.એમ. નો ઉપયોગ કરી બાળક સંખ્યાજ્ઞાન તો મેળવે જ છે સાથે સાથે સંખ્યાઓના ગુણધર્મોને ઓળખી તેનું શૈક્ષણિક અભ્યાસમાં તથા વ્યવહારિક જીવનમાં ઉપયોગ કરે છે એટલે આવો પ્રોજેક્ટ મેજીક સ્ક્વેર અમારી શાળાએ ઉપયોગ કરેલ છે. જેથી બાળકો રિશેષ કે પોતાના ફ્રી સમયમાં રમત દ્વારા સંખ્યાઓને ઓળખે તેમ જ તેનો ઉપયોગ કરે છે.

ઉપયોગીતા

- પોતાના અભ્યાસમાં આવતા દાખલાઓમાં ભાગ પાડવા તેમજ સંખ્યાને ઓળખતા થાય છે.
- બાળકો રકમ જોતા જ તરત તેના ભાગ કઈ રીતે પાડવા તે સમજી જાય છે.
- બાળકો વ્યવહારિક જીવનમાં ગણન કાર્ય કરતા થાય છે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

અમે આ મેજિક સ્ક્વેર નામના પ્રોજેક્ટનો ઉપયોગ કરેલ અને અમે તેનું મૂલ્યાંકન કરેલ તો ધોરણ 3 થી 8 ના હોશિયાર બાળકોને તો સંખ્યાના સાદુ રૂપ ના દાખલા આવડતા થયા પરંતુ મધ્યમ બાળકો પણ મેજિક સ્ક્વેર નો ઉપયોગ કરીને સંખ્યા ઓળખતા શીખી ગયા અને તેનો કેમ ઉપયોગ કરવો તે નબળા બાળકોને પણ શીખવતા થયા.

## નવતર પ્રયોગનું પરિણામ :

આ નવતર પ્રયોગના પરિણામે શાળાના બાળકો ઘરે ગણિત વિષયના દાખલા જાતે ગણતા થયા અને પોતાના વ્યવહારિક જીવનમાં પણ ગણન કાર્ય નો ઉપયોગ કરતા થયા જેના કારણે ગણિત વિષય માં તેમની રુચિ વધી, વિદ્યાર્થીઓ સંખ્યાને ઓળખીને તેના ભાગ પાડતા થયા વિદ્યાર્થીઓ એકી સંખ્યા, બેકી સંખ્યા, વિભાજ્ય સંખ્યા, અવિભાજ્ય સંખ્યા અને પૂર્ણવર્ગ સંખ્યા ઓળખતા થયા.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

આ નવતર પ્રયોગ હાલ કાર્યરત છે. પ્રયોગના કારણે બાળકોમાં ગણિત વિષય પ્રત્યે રુચિ વધી છે. ગણિત વિષયમાં અવયવી કેટલા ઉપયોગી છે તેનો ખ્યાલ બાળકોમાં જોવા મળ્યો છે. રોજિંદા જીવનમાં અવયવો તથા અવયવીનો ઉપયોગ કરતા થયા છે.

## ફોટોગ્રાફ/વિડીયો લિન્ક/QR કોડ:

# એક નાનકડો પ્રયાસ



ઈનોવેટરનું નામ : પરમાર હીનાકુમારી આર.

હોદ્દો : સી.આર.સી.કો.ઓર્ડીનેટર

ક્લસ્ટરનું નામ : સી.આર.સી કાલાવડ તાલુકા શાળા નં 1

મોબાઈલ નંબર : 8849848271

વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગની કેટેગરી : શૈક્ષણિક મૂલ્યાંકન

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :- JUNE 2023

## હેતુઓ :

- બાળકોના જનરલ નોલેજમાં વધારો થાય.
- શ્રુતલેખન દ્વારા લેખનનો મહાવરો થાય.
- બાળકો વચ્ચે તંદુરસ્ત હરીફાઈ થાય.
- બાળકોની જીજ્ઞાસાવૃત્તિ વધે.
- બાળકોમાં નિયમિતતા કેળવાય.
- સમગ્ર ક્લસ્ટરની એક સૂત્રતા જળવાય.
- સ્પર્ધાત્મક પરીક્ષા માટે પ્લેટફોર્મ મળી રહે.
- વાંચનની ટેવ વિકસે.

## અમલીકરણ વ્યુહરચના :

કાલાવડ તાલુકા શાળા નં 1 ક્લસ્ટરમાં ગુજરાતી માધ્યમની 11 શાળાઓ આવેલી છે. જૂન 2023 માં નવું સત્ર ખુલતા દરેક શાળાની મુલાકાત વખતે ક્લસ્ટરના તમામ 6 થી 8 ના શિક્ષકોને whatsapp ગ્રુપમાં દરરોજ જનરલ નોલેજના ત્રણ પ્રશ્નો હું મોકલીશ. આ પ્રશ્નો શિક્ષકોએ પોતાના વર્ગમાં શિક્ષણ કાર્યની શરૂઆતમાં, હાજરી પૂર્યા બાદ, પ્રાર્થનાસભામાં અથવા પોતાના અનુકૂળ સમયે શ્રુતલેખનથી લખાવી દેવા. બાળકો આ પ્રશ્નોની એક અલગ નોટબુક બનાવે જેથી તેમની પાસે દરરોજના પ્રશ્નોનો નિયમિત સંગ્રહ તારીખ મુજબ રહે. બાળકો આ પ્રશ્નો દિવસ દરમિયાન પાકા કરી લે. જ્યારે શાળા મુલાકાત કરીશ ત્યારે બાળકોને આ પ્રશ્નો પૂછીશ. તેમજ અમુક સમયને અંતરે તેની ટેસ્ટ પણ લઈશ. આ બધી બાબતોની શિક્ષકો સાથે ચર્ચા કરવામાં આવી બધા જ શિક્ષકોએ હકારાત્મક સહયોગ આપ્યો. પહેલી જુલાઈ 2023 થી પ્રશ્નો મોકલવાની અમલવારી શરૂ કરવામાં આવી. દરરોજના ત્રણ પ્રશ્નો જવાબ સાથે હું શિક્ષકોના ગ્રુપમાં મૂકવામાં લાગી. બાળકોને તેમની વયકક્ષા અનુરૂપ પ્રશ્નો મળી રહે તે માટે જનરલ નોલેજની બુક, youtube, પાઠ્યપુસ્તક વગેરેમાંથી સામાન્ય જ્ઞાન, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેક્નોલોજી, સંસ્કૃતિ, કોમ્પ્યુટર વગેરે કેટેગરીના પ્રશ્નોનો તારીખ પ્રમાણે દરરોજના ત્રણ પ્રશ્નનો સંગ્રહ કરી એક ચોપડો બનાવી લીધો . તારીખ મુજબ ત્રણ પ્રશ્નોનો સ્ક્રીનશોટ આગલા દિવસે જ whatsapp ગ્રુપમાં મોકલી આપવામાં આવતા જેથી લખાવી શકે. દરરોજના ત્રણ

પ્રશ્ન જ લખાવાનો હેતુ એ હતો કે શ્રુતલેખનથી શિક્ષકને લખાવતી વખતે વધારે સમય ન બગડે, લખાવવામાં અનુકૂળતા રહે અને બાળકો પણ સરળતાથી યાદ રાખી શકાય કહેવાય ને કે ટીપે ટીપે સરોવર ભરાય..

આમ આખા મહિનાના નવીનતા સભર 90 થી 93 પ્રશ્નો બાળકોને મળી રહે છે. આમ આખા વર્ષના 1095 પ્રશ્નો મળી રહેશે. કાલાવડ તાલુકા શાળા નં 1 ક્લસ્ટરના ધોરણ 6,7,8 ના લગભગ 500 જેટલા વિદ્યાર્થી પર આ નવતર પ્રયોગની અમલવારી ચાલુ છે.

## ઉપયોગીતાઃ

બાળકોમાં જનરલ નોલેજ નું જ્ઞાન વધે છે, શ્રુતલેખનનો મહાવરો મળતો રહે છે, સામાન્ય જ્ઞાન, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, કોમ્પ્યુટર વગેરે વિષય સાથે અનુબંધ સાધી શકાય છે. મેળવેલ જ્ઞાન ભવિષ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી સાબિત થશે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :


કોઈપણ પ્રયોગ કેટલો સફળ રહ્યો તે જાણવા, તેની અસરકારકતા કેટલી રહી તે જાણવા, તેનું મૂલ્યાંકન થવું જરૂરી છે.


- જુલાઈ માસમાં પ્રયોગ શરૂ કરતાં પહેલાં બાળકોને તેની વયકક્ષા મુજબ PSE પરીક્ષામાં પુછાય તેવા સામાન્ય પ્રશ્નોની 15 માર્કની ટેસ્ટ પ્રી ટેસ્ટ લેવામાં આવી.
- શાળા મુલાકાત દરમિયાન બાળકોને વર્ગખંડમાં બાળકોને લખાવેલા પ્રશ્નોમાંથી મૌખિક પ્રશ્ન પૂછવામાં આવ્યા
- ઓગસ્ટ માસના અંતે સંગ્રહ થયેલા પ્રશ્નોમાંથી 20 પ્રશ્નોની તમામ શાળાના બાળકોની ટેસ્ટ લેવામાં આવી.

દરેક શાળાના દરેક ધોરણમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે નાનકડી ગિફ્ટ આપવામાં આવી જેથી બાળકોનો ઉત્સાહ જળવાઈ રહે અને પ્રશ્નોની વધારે ને વધારે તૈયારી કરવા પ્રેરાય.

## નવતર પ્રયોગનું પરિણામ:

| ક્રમ | શાળાનું નામ | ધોરણ | વિદ્યાર્થીની સંખ્યા | પ્રિ ટેસ્ટ ટકાવારી | મૂલ્યાંકન ૧ ટકાવારી |
|---|---|---|---|---|---|
| 1 | શ્રી ચાપરા પ્રાથમિક શાળા | 8 | 5 | 54.67 | 59.00 |
| 2 | | 7 | 7 | 62.86 | 61.20 |
| 3 | | 6 | 10 | 47.33 | 48.5 |
| 4 | શ્રી બાવા ખાખરીયા પ્રાથમિક શાળા | 8 | 15 | 64.88 | 62.58 |
| 5 | | 7 | 17 | 56.47 | 57.35 |
| 6 | | 6 | 25 | 43.46 | 45.90 |




## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

જૂન થી શરૂ કરેલ પ્રયોગ આખું વર્ષ કાર્યરત રહેશે. સમયાંતરે મૌખિક તેમજ લેખિત ટેસ્ટ લઈશ અને બાળકોને પ્રોત્સાહન રૂપે નાનકડી ભેટ આપવામાં આવશે. દ્વિતીય સત્ર ના અંતે ક્લસ્ટર કક્ષાની ક્વિઝ નું આયોજન કરવામાં આવશે તેમાં વિજેતા થનાર પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર મેળવનાર વિદ્યાર્થીને પ્રોત્સાહક ઇનામ આપવાનું આયોજન છે.

## ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો



# વહાલી દિકરીઓનું જીવન ઘડતર



ઇનોવેટરનું નામ : જાદવ રમીલા એચ.

હોદ્દો : આચાર્ય

શાળાનું નામ : કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, બબરઝર, તાલુકો : લાલપુર

મોબાઈલ નંબર : 7096192061, 8733959933

વિભાગ : માધ્યમિક

નવતર પ્રયોગનું : સહ અભ્યાસીક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : વર્ષ 2018 થી

## હેતુઓ :

- દિકરીઓનો સર્વાંગી વિકાસ સાધવો.
- વ્યવસાય પ્રત્યે સજ્જતા કેળવવી.
- પ્રવાસ દ્વારા દિકરીઓ ઐતિહાસિક તથા ભૌગોલિક સ્થળથી માહિતગાર થાય.
- રમત-ગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેતી થાય.

## અમલીકરણ વ્યુહ રચના :

દિકરીઓ માટે અભ્યાસક્રમની સાથે સાથે સહઅભ્યાસિક પ્રવૃતિઓ પણ એટલી જ મહત્વની છે. માત્ર પુસ્તકોમાં આવતો અભ્યાસક્રમ ભણાવી દેવાથી દિકરીનો સર્વાંગી વિકાસ થતો નથી. દિકરીના સર્વાંગી વિકાસ સાધવા માટે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે. આ પ્રવૃતિઓથી દિકરીઓમાં રહેલી આંતરિક શક્તિઓ બહાર આવે છે અને તેમના આત્મ-વિશ્વાસમાં વધારો થાય છે.

સહ-અભ્યાસિક પ્રવૃતિઓ :

- પ્રાર્થનાસભા દ્વારા ( સુવિચાર, જન્મદિવસની ઉજવણી, યોગ, કસરત, પરેડ,)
- ટેક્નોલોજી દ્વારા શિક્ષણ (કોમ્પ્યુટર, ટેબલેટ, સ્માર્ટ TV,)
- સ્વરક્ષણ તાલીમ ( જુડો, કરાટે, લેઝીમ, ડમ બેલડ)
- AVI અંતર્ગત વોકેશનલ તાલીમ જેવી કે, પાર્લર, સિવણ
- સંગીત
- ખેલમહાકુંભ ( અથ્લેટીકસ, બેડમિન્ટન, )
- કિચન ગાર્ડન
- ઐતિહાસિક સ્થળોની મુલાકાત
- સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી
- બાળમેળો
- ભરત ગુંથણ
- આઝાદીકા અમૃત મહોત્સવ ઉજવણી

- રંગોળી બનાવવી
- ચિત્ર સ્પર્ધા
- શિક્ષક દિનની ઉજવણી
- કલામહાકુંભ (ગરબા, રાસ)
- G શાળા એપના માધ્યમથી તમામ દિકરીઓનું રજીસ્ટ્રેશન અને શિક્ષણ કાર્ય

## ઉપયોગિતા :

દીકરીઓના એસડબલ્યુ-વિકાસ અને સ્વ-રક્ષણ માટે આ પ્રવૃતિઓ ખૂબ જ ઉપયોગી છે. અભ્યાસની સાથે સાથે વિવિધ સહઅભ્યાસિક પ્રવૃતિઓનું પણ એટલું જ મહત્વ રહેલું છે. વિવિધ સહઅભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા મુલ્યસ્થાપન, સર્જનાત્મકતા વિકાસ, અભ્યાસમાં નાવિન્ય, સાંસ્કૃતિક જોડાણ, આંતરિક શક્તિઓનો વિકાસ થાય.

## નવતર પ્રયોગનું પરિણામ :

- દિકરીઓનું ચાર ભાષાનું શબ્દભંડોળ વધ્યું.
- જિજ્ઞાસા વૃતિમાં વધારો જોવા મળ્યો.
- કોયડા જેવી લેખન પ્રવૃતિથી તર્ક શક્તિની ખિલવવાનો અવકાશ મળ્યો.
- ધોરણ – 10 અને 12 નું 100% પરીણામ સતત બે વર્ષથી
- રોજિંદા વ્યવહારમાં અંગ્રેજી શબ્દો બોલતા અને લખવાના લીધે 90% દિકરીઓને અંગ્રેજી વિષય રસપ્રદ બન્યો.
- અંગ્રેજી, વિજ્ઞાન, ગણિત જેવા વિષયોમાં રુચિ વધી.
- દિકરીઓ દ્વારા ચાર્ટ અને પ્રોજેક્ટ બનાવીને ગ્રુપ બનાવી અઘરા વિષયોનો સરળ કરવામાં આવે છે.
- વિજ્ઞાન જેવા વિષયોના પ્રયોગોને ગોખવા કરતાં પ્રેક્ટિકલ પ્રવૃતિ દ્વારા યાદ રાખવામાં આવે છે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

- ધોરણ – 6 થી 12નું છેલ્લા 3 વર્ષથી 100% પરીણામ
- રમત ગમત ક્ષેત્રે ઉતીર્ણ
- સ્વ-રક્ષણ તાલીમ કરાટે જુડોમાં જિલ્લા કક્ષાએ પ્રથમ
- વિકલી ટેસ્ટ અને સ્વ-મૂલ્યાંકન ટેસ્ટ દ્વારા પરિણામમાં મહત્વનો સુધારો જોવા મળ્યો છે.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

આ નવતર પ્રવૃતિ હાલમાં પણ કાર્યરત છે અને તેના સારા પરિણામો મળી રહ્યા છે.

## ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QR કોડ

પ્રવૃતિ વિડીઓ- **https://youtu.be/o8ny1qDY9lQ?feature=shared**

બાલમેળો - **https://youtu.be/hgoEd6R0esc?feature=shared**

ખેલમહાકુંભ - **https://youtu.be/0oQ4q724Nnc?si=aYAW5WupqElTq1qD**

કલામહાકુંભ - **https://youtu.be/O6r_inGuGds?si=naaovUzaGpm5LDMk**

# Budding Biology

ઇનોવેટરનું નામ : કણજારીયા ભારતીબેન અશોકભાઈ

હોદ્દો : શિક્ષણ સહાયક

શાળાનું નામ : શ્રી જી.એમ. પટેલ કન્યા વિદ્યાલય – ધ્રોલ, તાલુકો : ધ્રોલ

મોબાઈલ નંબર : **9925545027**

વિભાગ : ઉચ્ચતર માધ્યમિક

નવતર પ્રયોગનું શીર્ષક : બડિંગ બાયોલોજી

નવતર પ્રયોગનું ક્ષેત્ર : વિષયવસ્તુ પેડાગોજી આધારિત, શૈક્ષણિક પ્રક્રિયાઓ માટે ટેકનોલોજી નો ઉપયોગ.

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : જુલાઈ **-2021**



## હેતુઓ :

- વિદ્યાર્થીઓ જીવવિજ્ઞાનને લગતા બનાવેલ મોડેલ્સ દ્વારા મૂલ્યાંકન કરી શકે.
- વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત કુશળતા મૌલિકતા અને રસ-રુચિ વધે.
- વિષયવસ્તુ વધુ સરળ બને અને વિદ્યાર્થીઓ ઝડપથી ગ્રહણ કરી શકે.

## અમલીકરણ વ્યુહ રચના :

સૌપ્રથમ વિદ્યાર્થીઓમાં જીવવિજ્ઞાન વિષયની પાયાની બાબતો ચકાસવામાં આવી. પોતાનું જ શરીરવિજ્ઞાન, આસપાસનું વનસ્પતિશાસ્ત્ર, પર્યાવરણ, કુદરતની અદભુત રચનાઓ, આણ્વીય વિજ્ઞાન વગેરે પોતાની પાસે જ હોવા છતાં તેમની પાછળના વિજ્ઞાન વિશે અસમજ હતી. પુસ્તકીયા જ્ઞાન કરતા વિદ્યાર્થીઓ જાતે તેને અનુરૂપ મોડેલ્સ, ચાર્ટ્સ, પ્રોજેક્ટ, સ્માર્ટ બોર્ડનો ઉપયોગ કરી ટોપિક્સને અનુરૂપ 3D એનિમેશન વિડિયો દ્વારા શીખે તો તેમની આ કચાશ દૂર કરી શકાય અને વિદ્યાર્થીઓ જાતે જ આ અભિગમ તરફ આકર્ષાય તે માટે તેમજ ગોખણપટ્ટીથી દૂર રહી જીવવિજ્ઞાનની પાયાની બાબતો સરળતાથી શીખવવા માટે આ નવતર પ્રયોગ અમલમાં મૂક્યો.

## ઉપયોગિતા :

- વર્ગના તમામ વિદ્યાર્થીઓને જીવવિજ્ઞાન વિષય પ્રત્યે રસ રુચિ તેમજ જિજ્ઞાસા વૃતિ વધુ જાગે છે.
- પોતાની આસપાસની વનસ્પતિઓ,કીટકો, પ્રાણીઓ પ્રત્યે એક અલગ દ્રષ્ટિકોણ તેમજ તેનુ પૃથ્થકરણ કરી વધુ જાણવા અને વધુ શોધવા પ્રત્યે રસ કેળવ્યો છે.
- કોઈપણ વસ્તુ કે પરિસ્થિતિને વૈજ્ઞાનિક દ્રષ્ટિ કોણ થી ચકાસ્યા બાદ જ સ્વીકારે છે.
- અંધશ્રદ્ધાઓથી દૂર રહે છે
- રોજિંદી જીવન જરૂરિયાતનું ધ્યાન રાખી એક તંદુરસ્ત જીવન તેમજ હેલ્ધી લાઇફ સ્ટાઇલ તરફ વળવાનો પ્રયત્ન કરી રહ્યા છે.
- અન્ય જીવ પ્રત્યેની સંવેદનશીલતા, પર્યાવરણ પ્રત્યે પ્રેમ, પોતાની વ્યક્તિગત શારીરિક સ્વચ્છતા, માનસિક સ્વાસ્થ્ય વગેરે તરફ વધુ ધ્યાન આપતા થયા છે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

- વિદ્યાર્થીઓ દ્વારા પોતે જ બનાવેલ મોડલ્સ, ચાર્ટ કે પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન તૈયાર કરી અન્ય વિદ્યાર્થીઓ સમક્ષ નિદર્શન કરવામાં આવ્યું.
- શ્રેષ્ઠ પ્રેઝન્ટેશન આપનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ આપવામાં આવ્યું તેમજ અન્ય વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.
- મારા દ્વારા સ્માર્ટ બોર્ડમાં તૈયાર કરેલ વિષયવસ્તુને લગતા લેક્ચર્સ દ્વારા વિદ્યાર્થીઓ કોઈપણ સમયે લાભ લઈ શકે છે અને સ્વમૂલ્યાંકન પણ કરી શકે છે, જે અમારી શાળા ની એપ્લિકેશન તથા youtube પર અમારી શાળાની ચેનલ 'Education On The Way' પર મુકેલ છે.

## નવતર પ્રયોગનું પરિણામ :

- આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન કરતા જાણવા મળ્યું કે વિદ્યાર્થીઓને જીવવિજ્ઞાન વિષયવસ્તુ પ્રત્યે વધુ રસ તેમજ જિજ્ઞાસાવૃતિ જોવા મળી.
- ખોટી ગેર માન્યતાઓ દૂર થઈ, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસ્યો.
- વિષય વસ્તુને ગોખવા કરતા, આત્મસાત કરી શક્યા.
- પર્યાવરણની જાળવણી માં રસ લેતા થયા.
- વિદ્યાર્થીનીઓના સંકોચ દૂર થયા જેનાથી તે સહજ રીતે પ્રશ્નો પૂછી શકે છે.
- વિદ્યાર્થીઓ હવે પોતાના રોજિંદા જીવનમાં વિજ્ઞાનને સાંકળતા થયા છે.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

- જીવવિજ્ઞાન ને લગતા દરેક ઉપયોગી મોડલ્સ ચાર્ટ્સ પ્રોજેક્ટસ બનાવી તેમ જ વનસ્પતિને જાણવા તેના હરબેરીયમ બનાવવાની પ્રવૃત્તિ હજુ ચાલુ જ છે.
- અન્ય શિક્ષકો પણ આ સામગ્રીનો ઉપયોગ પોતાના વર્ગખંડમાં પોતાના અધ્યાપન કાર્ય દરમિયાન કરે છે.

## ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QR કોડ :

https://youtu.be/Re3hn0UBMAI
https://youtu.be/qyfTmrXrRMY
https://youtu.be/3Fw2mKKT8E0
https://youtu.be/c0VlG5Oah5E?feature=shared





# દિવ્યાંગતાની 21 કેટેગરી ઓળખ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓનું સમાવેશી શિક્ષણ સહ તાલીમ




ઇનોવેટરનું નામ : રમેશભાઈ મોહનભાઈ ભંડેરી

હોદ્દો : વિશિષ્ટ શિક્ષક-IEDSS

કચેરીનું નામ : જિલ્લા શિક્ષણાધિકારી કચેરી -જામનગર.

મોબાઈલ નંબર : 9825516905


વિભાગ : માધ્યમિક

નવતર પ્રયોગનું ક્ષેત્ર : સમાવેશી શિક્ષણ

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : 2 વર્ષથી

## હેતુઓ :

- દિવ્યાંગ વિદ્યાર્થી માટે પ્રેરણા.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓના શીખવાના લક્ષ્યોની રસપ્રદ સાંકળો
- દિવ્યાંગતા ધરાવનાર દરેક વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત અભિગમ.

## અમલીકરણ વ્યુહ રચના :

દિવ્યાંગતાની 21 કેટેગરી ઓળખ કરી વિદ્યાર્થીને સમાવેશી શિક્ષણ સહ તાલીમ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેમની શાળામાં જ સવલતો પૂરી પાડવી. દિવ્યાંગ વિદ્યાર્થીઓને શીખવાની સુવિદ્યા માટે જરૂરી કુશળતા અને ટેવો પાળવી અને વિદ્યાર્થીઓની ક્ષમતા મુજબ પ્રેરકબળ પૂરું પાડવું તેમજ દિવ્યાંગ વિદ્યાર્થીઓને સામાન્ય વિદ્યાર્થીઓના પ્રમાણમાં સક્ષમ બનાવવા.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન :

શાળાઓમાં તેમની વિવિધ વિષયો અને આવડત મુજબ મૌખિક, લેખિત અને પ્રાયોગિક કસોટી દ્વારા.

## નવતર પ્રયોગનું પરિણામ :

દિવ્યાંગ વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સંતુલન અને મજબુતાઈ વિવિધ કસરતો, યોગાસનો, પ્રાણાયામ દ્વારા મળેલ અને તેમના વર્તનમાં સકારાત્મકતા જોવા મળેલ. વિદ્યાર્થીઓના જુથની સાથે સ્વતંત્ર રીતે પણ શિક્ષણ અને તાલીમ કાર્યમાં કુશળતા મેળવેલ.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

નવતર પ્રયોગ દ્વારા તાલીમ અને શિક્ષણનાં વિષયોમાં સકારાત્મક પરિણામ મળેલ અને અભિગમ ચાલુ છે તેમના સારા પરિમાણો મળી રહેલ છે.

## ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QR કોડ :







